Summit



# અધ્યાત્મ

વર્ષ : ૧૩ ઓક્ટોબર–૧૯૯૧ અંક : ૧

## * સદ્‌ભાવભરી સહાય *

અધ્યાત્મને સદ્‌ભાવભરી સહાયનો પુનિત પ્રવાહ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમ જ પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી એક સરખો ચાલ્યાં કરે છે તે સહાય સિવાય આજના સતત વધતા જતા ભાવોના યુગમાં અધ્યાત્મ ટકી શક્યું જ ન હોત. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ—

રૂા.

૨૧ શ્રી કંચનભાઇ પટેલ, સુરત.

૨૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી—યાત્રા નિમિત્તે.

૧૦૧ શ્રી ઈશ્વરભાઇ મ. કેડિયા, વડોદરા—પૂ. માતાજીના સ્વર્ગવાસ નિમિત્તે.

૩૧ શ્રીમતી સુભદ્રા રાધેશ્યામ બ્રહ્મભટ્ટ, અમદાવાદ.

૧૦૧ શ્રીમતી સુમિત્રાબેન નરસિંહભાઇ ભક્ત, કપૂરા.

૨૧ એક સાધક તરફથી.

૧૦૧ શ્રી શાન્તિલાલ નરભેરામ જાપી (દાળવાળા) મુંબઇ—પૌત્ર અજીત બી.કોમ. માં પાસ થતાં.

૨૧ શ્રી રાધાબેન—સગનાભાઇ પુરોહિતના નાનાભાઇના પત્નીને કુશળ ડીલીવરી થતાં.

૧૦ શ્રી સીતાબેન તુલસીદાસ ચૌહાણ, સુરેન્દ્રનગર—ગુરુ-પૂર્ણિમા નિમિત્તે.

૧૧ શ્રી કંચનભાઇ પટેલ, સુરત—પુત્રી મુક્તેશ્વરીને બેન પ્રીતિ અને યોગેનની શાળામાં પ્રવેશ મળી જતાં.

૫૧ કુ. કામિનીબેન પરીક્ષામાં પાસ થવા નિમિત્તે ઠાકોરભાઇ એન. પટેલ, બરબોદન તરફથી.

( અનુસંધાન પાના ૫૩ ઉપર )

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨—૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

¤ **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
¤ **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
¤ **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી માણેભાઇ સી. શાહ.
¤ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
¤ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
¤ **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર—૧

### લેખકોને નિમંત્રણ

¤ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
¤ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

¤ **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
¤ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
¤ 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
¤ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
¤ 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
¤ દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| શ્રી શ્રી મા શારદા અને મા શ્રી શ્રી સર્વેશ્વરીનાં યુગ કાર્યો | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૧૧ |
| કબીર સુધા | ઈશ્વરભાઈ ભક્ત (પરમાર્થી) | ૨૧ |
| યોગેશ્વર–ગીત | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૭ |
| આજની માનવ દોટ | વિભાકર પંડયા | ૨૯ |
| વાણી | કમલ સુથાર | ૩૧ |
| દેવોના વૈદ શ્રી અશ્વિનીકુમાર રૂપે પૂ. મા | જ્યોત્સ્ના બી. ત્રિવેદી | ૩૩ |
| જીવનધર્મ | રતિલાલ ભાવસાર | ૪૦ |
| ગંગાસતીના જીવનના પ્રેરક પ્રસંગો | અધ્યાત્મ પ્રેમી | ૪૧ |
| સદ્ભાવભરી ભેટ | — | ૫૩ |
| ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીનું સ્થાન | પ્રા. ચંદ્રકાન્ત એચ. જોષી | ૫૬ |
| પૂ. માના સાન્નિધ્યમાં મારી ભારતયાત્રા (૩) | જયંતી પટેલ | ૬૩ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૧૩ ઓક્ટોબર–૧૯૯૧ અંક : ૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૩–૧૧–૧૯૮૦, લાભ પાંચમ.**

પૂ. શ્રીના આશીર્વચનઃ–

ધર્મ લાભ હો, ધન લાભ હો, યશ લાભ હો, જ્ઞાન લાભ હો, ભાઈબીજ માતાજીનો જન્મદિવસ, લાભ પાંચમ ૧૩ નવે. સર્વેશ્વરીનો જન્મ દિવસ.

પૂર્વના સંસ્કારો અને કર્મો યોગમેળ પ્રમાણે મહાપુરુષોની સાથે રહેવાનું સદ્ભાગ્ય કોઈકને જ મળે. એવો લાભ સર્વેશ્વરીને મળી રહ્યો છે.

આજે તો પૂ. શ્રી મળસ્કે ચાર વાગે આશીર્વાદ વરસાવતા કહે છેઃ–"આજે તમારો જન્મ દિવસ, પ્રભુ તમારા ઉપર પૂર્ણ કૃપા કરે. ખૂબ ખૂબ શાંતિ આપે, સુખી કરે."

વળી ઉપરના આશીર્વાદ સવારે થોડી પ્રાર્થના બાદ પૂ. શ્રીના શ્રી મુખે સાંભળવા મળ્યા.

આજે સવારે રામઘાટ ગયાં, જ્યાં સંત શ્રી તુલસીદાસે શ્રી ભગવાન રામનાં દર્શન કર્યાં.

ત્યાંથી ૮ કી. મી. દૂર અત્રિ ઋષિ અને અનસૂયાએ જ્યાં તપ કરી, મંદાકિની નદીનું પ્રાગટ્ય કર્યું તે સ્થાનનાં દર્શન કર્યાં.

સૌએ મંદાગ્નિમાં સ્નાન કર્યું. પૂ. શ્રીએ કહ્યું દરેકે ચાલતી વખતે એ યાદ રાખવાનું છે કે મંદિરો, સ્મારકો પાછળથી થયાં, પણ ભગવાન રામ આજ ધરતી ઉપર ચાલ્યા. એજ ધરતી ઉપર આપણે ફરી ચાલીએ છીએ.

સ્નાન બાદ પરમહંસ આશ્રમ જોવા ગયાં, ત્યાં સેવા થાય છે. સૌને છાસ અને જામફળનો પ્રસાદ આપ્યો, ભોજનની પણ પૃચ્છા કરી. આ સ્થાન નદી કિનારે છે, જેથી ખૂબ રળિયામણું છે. પાછળ પત્થરનો વિરાટ પહાડ છે.

ત્યાંથી ગુપ્ત ગોદાવરીના પવિત્ર સ્થાનનાં દર્શન કરવા આઠ નવ કિલોમીટર ગાડીમાં ગયા. પેટ્રોમેક્ષના આધારે ગુફાના વિશાળ સ્થાનમાં જ્યાંથી ઝરણું પ્રગટે છે, તે સુંદર મહેલ જેવી વિશાળ જગ્યા જોઈ, ખૂબ આનંદ થયો.

પૂ. રણછોડદાસજી મહારાજનું સેવાવટી અન્નક્ષેત્ર વગેરે પણ જોયું. આવીને જયપુરીયા સ્મૃતિ ભવનમાં ભોજન કર્યું.

આજે સવારનો એક માર્ગદર્શક ખૂબ અનુકૂળ અને શાંત મળ્યો. તો સાંજે ૩ વાગ્યે હનુમાનધારા જવાના કાર્યક્રમમાં નાવડીવાળો નાવિક સારો મળી ગયો.



એક માઈલ રામઘાટથી નાવમાં ગયા. માર્ગમાં પૂ. શ્રીએ સત્સંગ કર્યો. રામપિલોને નામનો નાવિક પૂ. શ્રીની સર્વપ્રકારે સેવા કરવા તૈયાર થયો.

રામઘાટથી હોડીમાં ૧ કિલોમીટર ગયા બાદ હનુમાનધારા પર્વત ઉપર જવા માટે ફરી ૧ કીલોમીટર ચાલ્યા. ઉપર ઝરણું વહે છે. હનુમાનજીની મૂર્તિ હતી. તેમ જ પંચમુખી મહાદેવ હતા.

૩૬૦ પગથિયાં પૂ. શ્રીની કૃપા ને હિંમતથી સૌ ચઢયા. રામઘાટના માર્ગે આગળ વધ્યા જ્યાં હોડીઓ કિનારા ઉપર ઉભી હતી ત્યાં જવાને બદલે અમારી ગાડી જ્યાં ઉભી રહી ત્યાં જ એક હોડી એક નાવિક લાવ્યો.

અમે સામે કિનારે જવાનો શો દર છે, વગેરે પૂછપરછ કરી. તેણે જે નિયમ પ્રમાણે હતું તે જ કહ્યું જેથી અમે સૌ તેની હોડીમાં ગોઠવાયા.

માર્ગમાં વાતો નીકળી. એમના આટલા ઓછા દરમાં શી રીતે ગુજરાન ચાલતું હશે? એ વિચારે એની આર્થિક પરિસ્થિતિ જાણી તો આ હોડી ૨ હજાર રૂપિયાની બની. ૩૬ ટકાના વ્યાજે દેવું કરીને ધંધો શરુ કર્યો છે. એક છોકરો અને એક છોકરી બંને નાનાં છે. છતાં નાનકડો છોકરો પોતે હોડી ચલાવતાં શીખ્યો છે. જેથી તે બીજી હોડી ચલાવે છે.

આટલી વાતચીત બાદ કિનારા ઉપરના સ્થળોની વાતો પણ એ ભાઈએ કરી.

૧ કીલોમીટર પાણીમાં નાવ ચાલી. સ્થળ આવતાં હોડી લંગારવામાં આવી. સૌ ઉતર્યાં. માર્ગમાં નાવિકે પોતે જ કહ્યું,

"તમારી મરજી હોય તો હું હનુમાનધારાના સ્થાનમાં સાથે જ આવીશ."

અમે કોઈ ભોમિયો મળે તો સારું એમ વિચારતા હતા, ત્યાં જ આ ભાઈને જાણે અમારો વિચાર પહોંચી ગયો હોય એવું લાગ્યું.

ખેતરમાંથી ચઢાઈ, ઉતરાઈ વાળા માર્ગે નાવિકે અમને માર્ગદર્શન આપ્યું. માર્ગમાં અખંડ નામ સંકીર્તન ૧૪ વરસ માટે શરુ થયું છે, અને હાલ છ વરસ થઈ ગયાં છે, તે સ્થાન પણ નાવિકે બતાવ્યું.

પછીનો માર્ગ સીધો હતો. જેથી અમારા સૌની પાછળ નાવિક નમ્ર બનીને ચાલવા લાગ્યો.

વચ્ચે પૂ. શ્રીએ કહ્યું, "નાવિક થાકી ગયો કે શું?" તેણે જવાબ આપ્યો, "હું તો આટલા સમયમાં હનુમાનધારા ચઢી પણ ગયો હોત." આ ઉત્તર સાંભળી પૂ. શ્રીએ કહ્યું, "ચાલો ત્યારે, આપણે બંને આગળ જઈએ. આ બધા તો સાહેબ લોક છે. દેશી છે એટલે વધુ ચાલી શકાતું નથી."

આ વાતચીત બાદ નાવિક આગળ ચાલે છે. પૂ. શ્રી વિવિધ ઝડપી ચાલ ચાલી અમને સૌને મનોરંજન પૂરું પાડે છે.

૧ કીલોમીટર જેટલું ચાલ્યા બાદ હનુમાનધારાના સ્થળે (પર્વત ઉપર) જવા માટે પંચમુખી મહાદેવના પગથિયાં શરુ થયાં.

માર્ગમાં નાવિકને એક વૃદ્ધાએ સૂચના આપી, "સાચવીને લઈ જજે. હમણાં જ બનારસની એક સ્ત્રી ચક્કર આવતાં પડી ગઈ હતી." વૃદ્ધાની સૂચનાથી અમને એ સ્થળના ૩૬૦ પગથિયાં ચઢવાની ગંભીરતા સમજાઈ.



પગથિયાં ઉપર જેવા શાંતિભાઈ પહોંચ્યા કે તરત જ તેમને નાવિકે પોતાના ખભા ઉપરનો કટકો બેસવા માટે પાથરી આપ્યો. પૂ. શ્રી પહોંચ્યા એટલે તેઓને નાવિક કહેવા લાગ્યો.

"ચાલો, હું તમને ખભા ઉપર લઈ લઉં." વળી સૌને હિંમત આપતાં નાવિક કહે, "હનુમાનજી તમને સૌને ચઢવાની હિંમત આપશે."

માર્ગમાં પગથિયાં ઉપર ચઢતા ચઢતા સૌ થાકનો અનુભવ કરતા હતા. પૂ. શ્રીએ પણ ચઢવાની હિંમત કરી. થોડો વિશ્રામ કરતાં કરતાં ઉપર ચઢી ગયા.

પંચમુખી મહાદેવનાં દર્શન કરવા સૌ ભક્તો સાત આઠ પગથિયાં ચઢી ઉપર ગયા. પૂ. શ્રીએ પર્વતીય સ્થાનમાં સાત આઠ પગથિયાં ચઢવાને બદલે બેઠા. તરત જ નાવિક ડોલમાં ઝરણાંનું ઠંડું પાણી પોતાની મેળે લઈ આવ્યો. પૂ. શ્રીને કહે, "લાવો તમારા પગ ધોઈ આપું." પૂ. શ્રીએ ના પાડી.

પંચમુખી મહાદેવથી હનુમાનધારા સૌ ગયા. ત્યાંથી હનુમાનધારાના પગથિયાં જરા તૂટી ગયેલાં ને વધુ ને વધુ અંતરવાળાં હતાં જેથી ત્યાંથી ઉતરવાનું સૌએ શરુ કર્યું. પૂ. શ્રીએ સૌને સૂચના આપી કે ધીમેથી ટેકો દઈને ઉતરજો. આજુબાજુ પકડવાનું કોઈ સાધન ન હતું ત્યાં ફરી નાવિક આવીને પૂ. શ્રીની ડાબી બાજુ પગથિયા ઉપર ઉભો રહી કહેવા લાગ્યો.

"મારા ખભે હાથનો ટેકો રાખી ઉતરો, પૂ. શ્રીએ ના પાડી. અમારી ચઢવા ઉતરવાની બંને ગતિ ખૂબ ધીરી હતી. છતાં નાવિક ખૂબ નમ્ર બનીને અમારી સાથે જ રહ્યો.

પગથિયા સીધાં હતાં છતાં સૌ ઉતરી ગયાં. પૂ. શ્રીએ પોતાની ચંપલ પાછા ઉતરતાં જ કાઢી નાખી હતી. જે શાંતિભાઇ લઇ ગયા હતા.

નીચે ઉતરી નાવિકને ચા–દૂધ પાયાં સૌએ પણ દૂધ લીધું.

નાવ પાસે આવ્યા ત્યારે ખૂબ અંધારું થઇ ગયું હતું. સૌ નાવમાં ગોઠવાયા.

પાછા આવતાં નાવિકે ફરી સેવા પગ ધોવાથી, સામાન પાથરવાની, પૂ. શ્રીને ટેકો આપવાની (ચઢતી વખતે) પૂ. શ્રીને ઉંચકી લેવાની સેવાની ઇચ્છા કરી પણ પૂ. શ્રીએ તે ન સ્વીકારી.

વળી ફરી પાછા ફર્યા ત્યારે નાવમાં ધૂન શરુ થઇ. પૂ. શ્રીએ ધૂન ગાવાની સૂચના કરી જેથી શ્રીઆનંદે અને શ્રીમોહનલાલે ધૂનો શરુ કરી. શ્રી મોહનલાલની ધૂન ખૂબ રંગ લાવી. ઝીલવાની મસ્તી એવી ચઢી કે એ ધૂનથી નાવિક પણ ખૂબ રંગમાં આવી ગયો ને નાવને રાસ રમાડતો હોય એમ ગોળાકાર રીતે ત્રણ વાર ફેરવી પછી કિનારે લાવ્યો.

કિનારે ઉતરી એના આર્થિક સંજોગોને જોતાં મદદ કરી. અહીં નાવમાં જવા આવવાના મોંઘવારીમાં ખૂબ મોંઘુ લાગ્યું. જ્યારે ચિત્રકૂટ પ્રમાણમાં ઘણું સસ્તું લાગ્યું. ખાસ તો નાવિક ખૂબ સરળ અને પ્રમાણિક લાગ્યો. જેથી એને વધુ આર્થિક મદદ કરી એક સત્કર્મમાં નિમિત્ત બનવાનું સદ્‌ભાગ્ય મળ્યું.

નાવમાંથી ઉતરીને જયપુરીયા સ્મૃતિભવન ઉપર આવ્યા.

આજના સત્સંગમાં આ ભવનના મેનેજર પણ હાજર હતા. જેથી પૂ. શ્રીએ આજે હિન્દીમાં વાર્તાલાપ આપ્યો.



આજે વળી બાબુભાઇએ હિન્દીમાં વાર્તાલાપ આપ્યો. ત્યારબાદ પૂ. શ્રીએ અંગ્રેજીમાં આપ્યો.

આનંદ ને હસાહસ વચ્ચે સત્સંગ પૂર્ણ થયો, પ્રણામ કરી સૌ વિદાય થયા.

## પૂ. શ્રીનો રાતનો સત્સંગ

ચિત્રકૂટ,

चित्तरूपी कूट है, हृदयमें मंदाकिनी नदी है. परमका, प्रेमका, आविर्भाव हो जाये तो शांति सुख छा जाता है ।

रागद्वेष दुनियामें अधिक है, इसलिए शांति नहीं. संतोने सरल उपाय बताया.

तुलसी इस संसारमें करने को दो काम
देने को दुकडे भलो लेने को हरि नाम ।
परधन पत्थर मानीए,
परस्त्री मात समान,

परस्त्री मात समान अर्थ यह है कि सबमें जगदंबाका रूप देखनेकी कोशीष करे । आंखोमें पवित्रता लाना ।

नरको नारायण मानना । देखनेकी टेवसे भीतरसे यह स्वभाव हो जाता है ।

आंख कपडे, सौंदर्य, शरीरको देखे, लेकिन भीतरमें जो ज्योति है वही ज्योतिसे सभी शक्तियां मिलती है. तो प्रभुका प्रकाश सबमें देखे ।

मधुमय पवित्र व्यवहार रखो, न्याय और नीतिका वरदान लो, आंख पवित्र हो, मन पवित्र हो, बुद्धि निर्मल हो, आत्मा निर्मल हो ।

नाम स्मरणसें परमात्मा को समर्पण होगा।

इस प्रकारके जीवनमें जीतनी सहायता (रोटीसे, कपडेसे, जबानसे) पहोंचाना यही है यज्ञ।

तेन त्यक्तेन भूंजी था।

जीवनमें जो कुछ भी है ऊसको त्यागभावसे भोग लो। तप, अधिकार, सत्ता, धन सभीको त्याग भावसें भोग लो।

(ક્રમશઃ)

## સુવાક્યો

ત્યાગ અથવા સંન્યાસ અને સાક્ષાત્કાર એક જ છે. એક જ અવસ્થાવિશેષનાં એ બે પાસાં છે. અનાત્મભાવને તિલાંજલિ આપી દેવી તે જ ત્યાગ કહેવાય છે. આત્મામાં પ્રતિષ્ઠિત થવું એ જ્ઞાન અથવા આત્મસાક્ષાત્કાર છે. એક જ સનાતન સત્યનાં એ બંને પાસાં છે. એક પાસું નિષેધાત્મક અને બીજું વિધેયાત્મક છે એટલું જ.

* * *

મૌન વિદ્યુતશક્તિના સતત શક્તિશાળી પ્રવાહ જેવું હોય છે. વાણી પ્રકાશ જેવા બીજા પ્રયોજનોવાળા વિદ્યુતપ્રવાહમાં ભંગ પાડવા બરાબર છે. છતાં પણ જ્ઞાની ગમે તેટલી વાતો કરતો હોય તો પણ તદ્દન મૌની જ હોય છે. એ ગમે તેટલું કામ કરતો હોય તો પણ સંપૂર્ણ શાંત જ રહેતો હોય છે. એનો સ્વર અમાનવીય સ્વર હોય છે. એનું ચાલવાનું આ ધરતી પર નથી હોતું. એ આકાશને આકાશથી માપવા બરાબર હોય છે.

રમણ મહર્ષિ



### શ્રી શ્રી મા શારદા અને મા શ્રી શ્રી સર્વેશ્વરીનાં

# યુગ કાર્યો

સ્વામી ગંભીરાનંદજી તથા
ઝિંઝુવાડિયા કનૈયાલાલ

જ્યારે ભગવાન મનુષ્યદેહ લઇ અવતરે છે ત્યારે એ પોતે આરાધના દ્વારા શક્તિને જગાડીને તેને લોકકલ્યાણને અર્થે ઉપયોગમાં લે છે. એ રીતે યુગે યુગે ઈશ્વર દ્વારા આરાધિતા શક્તિ કલ્યાણકારી બનીને, મૂંઝાયેલી અને માર્ગ ભૂલેલી માનવજાતને ફરી ઉન્નતિને માર્ગે દોરી જાય છે. એટલું જ નહિ પણ જ્યારે ભગવાન મનુષ્યદેહે અવતરે છે, ત્યારે એ દૈવી શક્તિ પણ ઘણું ખરું સ્ત્રીસ્વરૂપે તેમની સાથે જ અવતરે છે. એ પ્રમાણે શ્રીરામચંદ્ર સાથે સીતા, શ્રીકૃષ્ણ સાથે શ્રીરાધિકા, બુદ્ધ સાથે યશોધરા અને શ્રીચૈતન્ય સાથે વિષ્ણુપ્રિયા અવતર્યાં હતાં. એ શક્તિ યુગાવતારની સાથે રહીને તેમની લીલામાં સર્વપ્રકારે સહાય કરે છે. એ જ પ્રમાણે ભગવાન શ્રીરામકૃષ્ણદેવ સાથે મા શારદા આ અવનિ પર લોકકલ્યાણાર્થે આવિર્ભાવ પામ્યાં.

માતાજીના પ્રથમ આગમન પછી લગભગ અઢી મહિના તેમની સાથે એક જ બિછાનામાં શયન કર્યા પછી ઠાકુરના મનમાં માતાજીની પવિત્રતા વિષે પૂર્ણ પ્રતીતિ થઇ. આ અરસામાં ઈ. સ. ૧૮૭૨ ના જૂન માસમાં કાલીપૂજા માટે શુભ મનાતી ફલહારિણી અમાસની રાત્રિએ જગન્માતાની ષોડશી પૂજા કરવાની ઇચ્છા ઠાકુરના મનમાં ઉદ્ભવી. પૂજાની વ્યવસ્થા મંદિરમાં કરવાને

બદલે ઠાકુરની ઈચ્છાનુસાર તેમના ઓરડામાં જ કરવામાં આવી. પૂજા માટે હૃદયે (ઠાકુરનો ભાણેજ) બની શકે તેટલી મદદ કરીને કાલીમંદિરમાં પૂજા કરવાની હોવાથી મંદિરમાં ચાલ્યા ગયા. બાકીની વ્યવસ્થા રાધાગોવિંદની સાંજની પૂજાસેવા પૂરી કરી દીનુ પૂજારીએ કરી આપી. પૂજાનાં દ્રવ્યો વગેરે બધું યથાસ્થાને ગોઠવવામાં આવ્યું પણ કોઈ દેવીની પ્રતિમા લાવવામાં આવેલ નહોતી. તેમ છતાંય દેવીની મૂર્તિને બેસાડવાનું આસન ઓરડામાં શ્રીરામકૃષ્ણના આસનની સામે રાખવામાં આવ્યું હતું. આ રીતે ષોડશી અથવા ત્રિપુરાસુંદરીની પૂજાની બધી વ્યવસ્થા પૂરી કરતાં રાતના નવ વાગી ગયા. દીનુ પૂજારી સર્વ વ્યવસ્થા કરી ચાલ્યા ગયા.

શ્રીરામકૃષ્ણે માતાજીને પૂજા વખતે પોતાના ઓરડામાં હાજર રહેવાનું પ્રથમથી જ કહેવડાવેલ. એ મુજબ તેઓ આવી ભક્તિભાવથી શ્રીરામકૃષ્ણની પૂજા નિહાળતાં હતાં. મંત્રોચ્ચાર સાથે પૂજાના પ્રારંભની વિધિ પતાવી એમણે માતાજીને દેવીના આસન પર બેસવાનો ઈશારો કર્યો. પૂજાવિધિ જોતાં જોતાં માતાજીને અર્ધભાવાવસ્થા થઈ આવી. એટલે પોતે મંત્રમુગ્ધ વ્યક્તિ પેઠે આગળ આવીને બીજો કોઈ પણ વિચાર કર્યા વિના ઠાકુરની સામે દેવીના આસન પર બેસી ગયાં. ત્યાર બાદ મંત્રથી પવિત્ર થયેલા કળશના પાણી વડે ઠાકુરે માતાજીનો અભિષેક કર્યો, મંત્રોચ્ચાર કરી એમણે દેવીને પ્રાર્થના કરી, "હે બાલિકા, હે સર્વશક્તિની અધિશ્વરી, માતા ત્રિપુરાસુંદરી, સિદ્ધિનાં દ્વાર ખોલી દો. આમના (માતાજીના) શરીર ને મનને પવિત્ર કરી એમનામાં આવિર્ભૂત થઈ સર્વ પ્રકારે કલ્યાણ કરો." ત્યાર પછી માતાજીનાં અંગોમાં મંત્રોવડે ન્યાસ કરીને તેમની જગદંબારૂપે વિધિપૂર્વક



ષોડશોપચાર સાથે પૂજા કરી. પૂજા પછી નૈવેદ્ય ધરાવી થોડુંક દેવીના શ્રીમુખમાં મૂક્યું. પૂજા દરમિયાન માતાજી સમાધિસ્થ થયાં અને પૂજા પૂરી થયા પછી ઠાકુર પણ ઊંડી સમાધિમાં મગ્ન બન્યા. પૂજક ને પૂજિતાદેવી બંને જગતથી અને દેહાધ્યાસથી પર અવસ્થા પામીને આત્મસ્વરૂપે એક બન્યાં. અપૂર્વ એવી ભાવ-સમાધિમાં કેટલીક ઘડીઓ વીતી. મધ્યરાત્રિ બાદ ઠાકુરને સહેજ દેહભાન થતાં વિધિપૂર્વક મંત્રોચ્ચાર કરીને એમણે પોતાની જાત-ને, જીવનભરની સાધનાના ફળને અને જપમાળાને દેવીને ચરણે અર્પણ કર્યાં. અને મંત્રોચ્ચાર કરતાં કરતાં વંદન કર્યું. છેવટે—

સર્વ મંગલ માંગલ્યે, શિવે સવાર્થ સાધિકે,
શરણ્યે ત્ર્યંબકે ગૌરી, નારાયણિ નમોસ્તુ તે.

એ મંત્ર બોલતાં બોલતાં પ્રણામ કર્યાં. પૂજા પૂરી થઈ. જીવતી જાગતી દેવીરૂપ માતાજીની દેહરૂપ પ્રતિમા દ્વારા જગદંબાને ચરણે સર્વસ્વ સમર્પણ કરી ઠાકુરે વર્ષોની સાધનાની પરિસમાપ્તિ કરી. માતાજીનાં પણ એકીસાથે દેવી અને માનવી રૂપનાં પૂર્ણ વિકાસનાં દ્વાર ખૂલી ગયાં. પૂજા પૂરી થયે બાહ્ય જ્ઞાન પાછું મેળવતાં માતાજીએ મનોમન જ ઠાકુરને પ્રણામ કર્યાં ને નોબત-ખાનાની ઓરડીમાં પાછાં ફર્યાં. (આ વખતની અંબાજીની શિબિર-માં જે ભક્તો હાજર હશે તેઓને ખબર હશે કે મા શ્રી સર્વેશ્વરીએ એવો ઉલ્લેખ કરેલ કે શ્રી યોગેશ્વરજીએ પણ ષોડશોપચાર વિધિથી મા શ્રી સર્વેશ્વરીની પૂજા કરેલ)

જેમ આ પૂજા દ્વારા શ્રીરામકૃષ્ણદેવે મા શારદાનો દૈવીભાવ પ્રગટાવ્યો તેમ યથા સમયે ભક્તોને માતાજી પાસે મોકલી માતૃભાવ જગાડવાના પ્રયત્નો પણ કરતા.

દક્ષિણેશ્વરમાં માતાજીના દેવીત્વની ઘોષણા શ્રીરામકૃષ્ણે કરી તે પહેલાં કામારપુકુરમાં પણ એ વિષે એમણે સંકેત કર્યો હતો. માતાજી ત્યારે ચૌદ વર્ષનાં કિશોરી હતાં. ઠાકુર જ્યારે ગામની સ્ત્રીઓને ઉપદેશ આપતા હતા ત્યારે માતાજી સાંભળતાં સાંભળતાં વચ્ચે ઊંઘી જતાં. એમને ઠેલો મારીને બીજી સ્ત્રીઓ કહેતી "આવી સારી વાતો સાંભળી નહીં? ઊંઘી ગઇ?" ત્યારે ઠાકુર કહેતા "ના, ના, એમને ઉઠાડો નહીં. એ કાંઇ અમસ્તાં ઊંઘી ગયાં છે? આ બધી વાતો જો સાંભળશે તો એ સીધાં ચાલ્યાં જશે. અહીં નહીં રહે. કયા અર્થમાં ઠાકુર આમ બોલ્યા હશે, તે તો તેઓ જ જાણે પણ એવું અનુમાન કરી શકાય કે માતાજીનું સ્વાભાવિક રીતે ઊર્ધ્વગામી મન આ ઉચ્ચ તત્ત્વોની વાતો સાંભળી, જે જીવનકાર્ય પૂરું કરવા માટે મનુષ્યદેહ લઇ અવતર્યાં હતાં તે પૂરું કર્યા વિના જ સમાધિમાં તન્મય થઇ જાય તો પછી મનુષ્યદેહ ધારણ કરવો જ નિરર્થક બને.

એક વખત એક જિજ્ઞાસુએ પૂછ્યું, "મા, બીજા અવતારોએ તો પોતાની શક્તિના લીલાસંવરણ પછી જ દેહત્યાગ કરેલ, પણ આ જ વખતે તમને મૂકીને ઠાકુર શા માટે પહેલાં ચાલ્યા ગયા?"

ઉત્તરમાં માતાજી બોલ્યાં હતાં, "દીકરા, તું જાણે છે ને કે ઠાકુર જગતમાં સર્વને માતૃભાવે જોતા. અત્યારે જગતમાં આ માતૃભાવનાના વિકાસ માટે મને મૂકતા ગયા છે."

બીજી એક વાર તેઓ બોલ્યાં હતાં, "જ્યારે ઠાકુર ચાલ્યા ગયા ત્યારે મને પણ ઇચ્છા થઇ કે હું પણ ચાલી જાઉં." ત્યારે મને દર્શન આપી એમણે કહ્યું, "ના, તમે રહો, હજી ઘણું કામ



બાકી છે." છેવટે મેં જોયું કે સાચે જ ઘણું કામ બાકી હતું.

પોતાની બીમારી દરમ્યાન કાશીપુરમાં એક દિવસ ઠાકુર એકીટશે માતાજી સામે જોઇ રહ્યા ત્યારે માતાજીએ પૂછ્યું, "શું કહેવા માગો છો? કહી જ નાખો ને."

"તમે શું કંઇ જ નથી કરવાનાં? આને જ (પોતાના શરીર તરફ આંગળી ચીંધી) શું બધું એકલે હાથે કરવું પડશે?"

પોતાની લાચારીનો વિચાર કરી માતાજી બોલ્યાં, "હું તો સ્ત્રી છું. હું શું કરી શકું?"

તેના ઉત્તરમાં ઠાકુરે તરત જવાબ વાળ્યો. "ના, ના, તમારે ઘણું બધું કરવું પડશે."

કાશીપુરમાં દાદરા પરથી પડી ગયાં ત્યારે માતાજીનો પગ મચકોડાયો હતો ત્યારે માત્ર ત્રણ જ દિવસ એમણે વિશ્રામ કર્યો હતો. ઠાકુરની સેવા કરવાના આગ્રહને લીધે ચોથે દિવસે જ ખાવાનું લઇ ઉપર જતાં એમણે જોયું કે ઠાકુર આંખો બંધ કરીને સૂતા છે. "ખાવાનો વખત થયો છે, ઊઠો." માતાજીએ એમને ઉઠાડ્યા ત્યારે કોઇ દૂર દેશથી ફરીને પાછા આવ્યા હોય એવા ભાવથી ઠાકુરે આંખો ખોલી જોયું ને કહ્યું, "જુઓ, કલકત્તાના લોકો કીડાઓના માફક અંધકારમાં સબડે છે. તમે એમને સંભાળજો." માતાજીએ દલીલ કરતા કહ્યું, "હું તો સ્ત્રી છું. હું કેવી રીતે કરી શકું?" ઠાકુરે પોતાની તરફ આંગળી કરી કહ્યું, "આખરે આ શરીરે શું કર્યું છે? તમારે આનાથી ઘણું વધારે કરવું પડશે. આ કાંઇ મારા એકલાની જવાબદારી છે? તમારી પણ છે."

શ્રીરામકૃષ્ણ માતાજીને ફક્ત એમની જવાબદારીની વાત યાદ કરાવીને જ કે ભાર સોંપીને જ અટકતા એમ ન હતું.

એમની શક્તિના વિકાસ માટે જરૂરી વાતાવરણ તૈયાર કરવા માટે તેઓ ભક્તોને માતાજી પાસે મોકલતા. જેમકે શારદાપ્રસન્ન (સ્વામી ત્રિગુણાતીતાનંદ) ને મંત્રદીક્ષા લેવા માટે માતાજી પાસે મોકલેલ.

આ જ રીતે ઠાકુર જ્યારે કાશીપુરમાં માંદા હતા ત્યારે યોગિનમાને વૃંદાવન જઇ તપશ્ચર્યા કરવાનું મન થયું. તક મળ્યે તે ઇચ્છા તેમણે ઠાકુરને જણાવી. આ સાંભળી ઠાકુરને ખૂબ આનંદ થયો ને બોલ્યા "તમે વૃંદાવન જશો? બહુ સારું. ત્યાં બધું જ મળશે." આ વાતચીત દરમિયાન માતાજી ઠાકુરનું જમવાનું લઇ એમના ઓરડામાં જ ઉભાં હતાં. એમના તરફ નજર ફેરવી ઠાકુરે યોગિનમાને પૂછ્યું, "આમને પૂછ્યું છે? એમણે શું કહ્યું?" માતાજીએ તરત જવાબ વાળ્યો. "જે કહેવાનું હતું તે તો તમે કહી દીધું છે. હું વધારામાં શું કહું?" ઠાકુરે જાણે એ વાત સાંભળી પણ નહીં ને યોગિનમાને ફરી સલાહ આપી. "અરે દીકરી, એમને રાજી કરીને જજે. તને બધું મળશે." જાણે કશું સાંભળ્યું ન હોય તેમ માતાજી એઠી વાડકી લઇને ત્યાંથી નીચે જવા ઊઠયાં. યોગિનમા પણ એમની પાછળ ગયાં પણ તે દિવસે કાંઇ વાત ન થઇ. બીજે દિવસે સવારે યોગિનમા યાત્રાએ જતાં પહેલાં ઠાકુરની વિદાય લેવા કાશીપુર આવ્યાં. ઠાકુરને પ્રણામ કર્યા બાદ માતાજીને પ્રણામ કરવા ગયાં ત્યારે માતાજીએ એમના માથા પર મંત્રજપ કરી આશીર્વાદ આપ્યા. બે દિવસ પછી યોગિનમા વૃંદાવન ગયાં ને બલરામ બોઝના બંધાવેલ દેવાલય કાલાબાબુની કુંજમાં જઇને રહ્યાં.

શું પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ કોઇને કલ્પના પણ ન આવે



તેમ એકાએક જીવન-લીલા સંકેલી લેવા પાછળ એવો જ મનોભાવ હશે કે "મારે જેટલું કાર્ય કરવાનું હતું તે કરી લીધું. બાકીનું હવે મા શ્રી સર્વેશ્વરી સંભાળશે. ભક્તો ઉપર જન્મ આપનાર મા જેવો કે એથી પણ વિશેષ પ્રેમ વરસાવશે, તેઓમાં શુભ સંસ્કારોનું સિંચન કરશે, તેઓનો ભક્તિભાવ વધે તેવા પ્રયત્નોમાં સદા મગ્ન રહેશે. પરદેશ ગમન કરી ત્યાંની ઉગતી પેઢીમાં ભારતીય સંસ્કારો રેડશે, સત્યપથ ભૂલી માંસાહાર, મદિરા, જુગાર તથા પરસ્ત્રી ગમન જેવા કુસંસ્કારોનાં રંગે રંગાયેલ ભારતીય સુપુત્રોને સત્યપથ તરફ વાળશે. આ બધાં જ કાર્યો મા શ્રી સર્વેશ્વરી કરશે. મારે હવે આ અવનિ ઉપર રહેવાની શું જરૂર છે?"

ખરેખર એકાએક જીવનલીલા સંકેલી લેવાનો એ મહા-પુરુષનો આશય આવો જ કાંઇક હશે. અને પોતાની પાસે જે કાંઇ હતું તે તો તેમણે મા શ્રી સર્વેશ્વરીને સમર્પણ કરી દીધું હતું. જેમ શ્રી રામકૃષ્ણદેવે નરેન્દ્રને પોતાની સર્વ શક્તિઓ સમર્પિત કરી દીધી હતી.

શ્રી રામકૃષ્ણદેવે પોતાની જીવનલીલા સંકેલી લેતા પહેલાં ૧૮૮૬ ના પહેલા અઠવાડિયામાં જોગીનને પંચાગ વાંચવાનું કહ્યું. નવમી ઓગસ્ટ પછીની તારીખો એ સાંભળી રહ્યા. જોગીને ૩૧ મી સુધીની તારીખો સંભળાવી, એટલે ત્યાં તેમણે એને અટકી જવાનું કહ્યું. મહાસમાધિને ત્રણ-ચાર દિવસ બાકી હશે ત્યારે શ્રીરામકૃષ્ણે નરેન્દ્રને બોલાવ્યો. એના તરફ સ્થિર દૃષ્ટિ કરીને એ ઊંડી સમાધિમાં ઊતરી ગયા. નરેન્દ્રને (સ્વામી વિવેકાનંદ) એવું લાગ્યું કે વીજળીના જેવો કોઇ સૂક્ષ્મ પ્રવાહ પોતાના શરીરમાં

પ્રવેશી રહ્યો છે, એણે સઘળું બાહ્ય ભાન ગુમાવ્યું. થોડી વારે એને ભાન આવ્યું ત્યારે એણે જોયું કે શ્રીરામકૃષ્ણ રડી રહ્યા છે. એને નવાઇ લાગી. શ્રીરામકૃષ્ણ બોલ્યા, "અરે નરેન! આજે મેં તને મારું સર્વસ્વ આપી દીધું છે. હવે હું કેવળ અકિંચન ફકીર બની ગયો છું. આજે મેં તને જે આપ્યું છે તેનાથી તું જગતમાં મહાન કાર્યો કરી શકીશ."

એ જ પ્રમાણે સત્યપથમાં શ્રી યોગેશ્વરજીએ પણ પંચાગ મંગાવી તા. ૧૮–૩–૮૪, ફાગણ વદ એકમ, ધૂળેટીનાં દિવસે અમૃત સિદ્ધિ યોગમાં જીવનલીલા સંકેલી લેવાનું મનોમન નક્કી કરી લીધેલ એમ માની શકાય છે. મા શ્રી સર્વેશ્વરીના માર્ચ '૮૬ ના અધ્યાત્મના અંકમાં જણાવ્યા મુજબ પૂજ્ય શ્રી યોગેશ્વરજીનું દરેક કાર્ય મા જગદંબાની ઇચ્છા અને આદેશ મુજબ જ ચાલતું. તેથી અગાઉ કોઇ પણ દિવસ એ મહાપુરુષને પંચાગની જરૂર પડી નહોતી કે પંચાગ જોતાં નિહાળ્યા નહોતા.

માર્ચ '૮૬ નાં અંકમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ ઉલ્લેખ કરેલ છે કે તેઓ રાત્રે પૂજ્ય યોગેશ્વરજીનાં ચરણોમાં તેલ લગાડી પ્રણામ કરતાં ત્યારે એ મહાપુરુષ માને આશિર્વાદ આપતા. પૂજ્ય માનો આ રીતે પ્રણામ કરવાનો નિત્યક્રમ હતો. પરંતુ તા. ૧૮ માર્ચ ૧૯૮૪ ની રાત્રે મુંબઇમાં કાંદીવલીમાં આવેલ લક્ષ્મી-નારાયણના મંદિરમાં યોજાયેલ પ્રવચનમાં જતાં પહેલાં મા શ્રી સર્વેશ્વરીને કહે છે "અહીં આવો, મારે તમને આશીર્વાદ આપવા છે." પૂ. મા પૂજ્ય શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજી પાસે જઇ નીચા નમીને નમસ્કાર કરે છે અને એ સિદ્ધ પુરુષ માની પીઠ, કરોડરજ્જૂ અને મસ્તક ઉપર ખૂબ પ્રેમપૂર્વક પોતાનો હાથ ફેરવી



કહે છે "અમે કોઇનું ઋણ માથે રાખતા નથી." અને એ અલૌકિક આશીર્વાદની વર્ષા વરસાવી પ્રવચન માટે પ્રસ્થાન કરે છે.

હવે સવાલ એ ઉદ્ભવે છે કે જ્યારથી મા શ્રી સર્વેશ્વરીએ પ. પૂ. ગુરુ શ્રીયોગેશ્વરજીને ચરણે જીવન સમર્પિત કર્યું અને સાથે રહેવા લાગ્યાં ત્યારથી દરેક પ્રવચનમાં મા તેમની સાથે જ રહેતાં. આ અગાઉ કોઈ પણ દિવસ શ્રી યોગેશ્વરજીએ મા શ્રી સર્વેશ્વરીને આ પ્રમાણે સામે ચડીને પોતાને પગે લાગવાનું કહ્યું ન હતું. અને રાત્રે તો મા પોતાનાં નિત્યક્રમ મુજબ પૂજ્ય શ્રીને પ્રણામ કરતાં જ. તો પછી માને સામે ચડી પ્રણામ કરવાનું કહેવા પાછળ તેમનો શું આશય હશે?

આ બનાવનું રહસ્ય એ જ હોઇ શકે કે જેમ શ્રી રામ-કૃષ્ણદેવે પોતાની મહાસમાધિ પહેલાં નરેન્દ્રને બોલાવી પોતાની દિવ્ય શક્તિઓનો સંચાર નરેન્દ્રમાં કર્યો હતો તે જ રીતે શ્રી યોગેશ્વરજીએ પણ મા શ્રી સર્વેશ્વરીએ જ્યારે નીચા નમીને પ્રણામ કર્યા ત્યારે તેમનાં મસ્તક, પીઠ અને કરોડરજ્જુ ઉપર હાથ ફેરવી પોતે પ્રાપ્ત કરેલી દિવ્ય શક્તિઓનું મા શ્રી સર્વેશ્વરીને પ્રદાન કરી દીધું. જો કે તે પછી પૂ. માની ઉગ્ર સાધનાના પરિણામે તેમને ઘણું પ્રાપ્ત થયું છે. અત્યાર સુધીમાં તેમને લગભગ ૨૦૦ જેટલી દિવ્ય અનુભૂતિઓ થઇ ચૂકી છે તો પણ તેની સાથે સાથે પૂજ્ય શ્રી યોગેશ્વરજીનો કૃપા પ્રસાદ પણ કારણભૂત ખરો જ.

પૂજ્ય શ્રી શ્લોક બોલીને પ્રવચનનો પ્રારંભ કરે છે. 'ભાગ-વત એટલે ભગવાનના થઇ જવું. પંખી પોતાના માળામાં પાછું ફરે ત્યારે જ અને ફળ વૃક્ષ ઉપરથી જમીન ઉપર પડી ધરતીમાં બી

રૂપે ફરી પહોંચે ત્યારે જ તેને પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. આ રામ-ચરિતનો સાર છે.' એ અંતિમ વચન સાથે પોતાની સુખાસનવાળી અવસ્થામાં જ કોઈપણ પ્રકારના દુઃખદર્દનો શબ્દ કાઢયા વિના સહજ રીતે પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કરે છે. સેંકડો માનવોની હાજરીમાં આ રીતે પ્રભુના ગુણાનુવાદ ગાતાં ગાતાં વિદાય એ કેવી અદ્‌ભુત ઘટના! न भूतो न भविष्यति। એવું જ ને?

જેમ શ્રી રામકૃષ્ણદેવ પોતાની પાછળ મા શ્રી શારદાને લોકકલ્યાણાર્થે રાખતા ગયા એ જ રીતે શ્રી યોગેશ્વરજી ભક્તોના ઉત્કર્ષ માટે મા શ્રી સર્વેશ્વરીને આપણી વચ્ચે મૂકતા ગયા છે.

આજે આપણે જોઈ શકીએ છીએ કે ભક્તોમાં ભક્તિભાવ કેમ વધે, અધ્યાત્મ માર્ગે શ્રદ્ધા કેમ દૃઢ થાય, તેઓમાં રહેલ દુર્ગુણોને છોડાવી સુસંસ્કારનો સંચાર કરવો અને એ પ્રમાણે ભક્તોને વધુ ને વધુ પ્રભુના માર્ગે વાળવાના તેમના પ્રયત્નો ચાલી રહ્યા છે. સાથે સાથે પોતાની ઉગ્ર સાધના તો ચાલુ જ છે.

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
" સ્વર્ગારોહણ "
**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



# કબીર સુધા

પરમાર્થી

मन मुरीद संसार है, गुरु मुरीद को साध,
जो मानै गुरुवचनको, ताका मता अगाध.

આ સાખીમાં 'સાધ' શબ્દ ઘણું ઘણું દર્શાવી જાય છે. જે સાધના કરે તે જ સાધુ કહેવાય એવો એનો સ્પષ્ટ ધ્વનિ છે. સામાન્ય રીતે લોકો સંતને સાધુ કહે છે. સાધના વિના સંતત્વ ખીલતું નથી એટલે એવું અર્થઘટન યોગ્ય જ ગણાય. પણ પાછળથી સજ્જન પુરુષને પણ સાધુ કહેવાની પ્રથા પ્રારંભ પામી. પરિણામે સાધનાનું મહત્ત્વ ઘટતું ગયું. સાધના કરવી કોઈને ગમતી નથી. સંસારીને તો ગમે જ કેવી રીતે? સંસારમાં મોટા ભાગના લોકો પર મનનું શાસન ચાલતું હોય છે. 'મુરીદ' એટલે ગુરુ. મન જ તેમનો ગુરુ ગણાય. મનની આજ્ઞા પ્રમાણે જ સંસારી લોકોની રહેણી કરણી ગૂંથાતી હોય છે. પણ મન તો ચંચળ છે ને તેથી અનિયંત્રિત પણ છે. મનમાં વિચારના તરંગો ઉઠયા જ કરે ને તે પ્રમાણે લોકો દોરવાયા જ કરે તેવું સંસારનું સાચું ચિત્ર છે. તેમાં સ્વાભાવિકતા રહેલી છે. સંસારમાં લોકો સાંભળે ઘણું, વાંચે ઘણું, પણ તે અનુસાર વર્તન કરી શકતા નથી. સંસારી લોકોનો સાચો પ્રતિનિધિ દુર્યોધન ગણાય. તે પોતાની નબળાઈને સ્વીકારી લે છે ને એકરાર કરતા કહે પણ છે કે—

जानामि धर्मम् न च मे प्रवृत्तिः,
जानामि अधर्मम् न च मे निवृत्तिः ।

હું ધર્મ જાણું છું પણ તે અનુસાર મારી જાતને પ્રવૃત્ત કરી શકતો નથી. અધર્મનો મને બરાબર ખ્યાલ હોવા છતાં તેમાંથી મારી જાતને નિવૃત્ત કરી શકતો નથી. ધર્મના પાલન માટે અને અધર્મમાંથી નિવૃત્ત થવા માટે ખાસ્સી સાધના કરવી પડતી હોય છે. પરંતુ સંસારમાં લોકોને સાધના કપરી લાગે છે. તેઓ મનના ગુલામ રહેવાનું પસંદ કરશે પણ સાધના તો કરશે જ નહીં!

ગુરુપદ અને શિષ્યપદ પણ સાધનાથી જ શોભે છે. સાધના વિના કોઇ સાચો ગુરુ થઇ શકતો નથી. તેવી જ રીતે કોઇ શિષ્ય સાચો શિષ્ય પણ બની શકતો નથી. બંને માટે સાધના અનિવાર્ય પણે આવશ્યક છે. જે આત્મજ્ઞાની નથી. તે પૂરો ગુરુ નથી. આત્મજ્ઞાન વિના ગુરુપદ પર આરુઢ થઇ શકાતું નથી. આત્મજ્ઞાન સાધના વિના કેવી રીતે પ્રાપ્ત થઇ શકે? તે જ રીતે શિષ્યે પોતાની જાતને અવિદ્યાના ઓળામાંથી અટવાતી અટકાવવા માટે અપાર મથવું પડતું હોય છે! અનેકવાર ચઢે ને અનેકવાર પડે તેવો દુષ્કર ક્રમ અનુભવવો પડતો હોય છે! મનને સંયમિત કરી પોતાના સ્વરૂપમાં સ્થિર કરવું અતિ કઠિન ગણાય છે. કપરી સાધનાથી જ તે શક્ય બને છે. મછંદર નાથનું એક પદ સાચા શિષ્ય થવા માટે સુંદર માર્ગદર્શન પૂરું પાડે છેઃ–

કચ્ચા બે કચ્ચા, નહીં ગુરુકા બચ્ચા!
દૂનિયા તજકર ખાક રખાઇ, જાકર બેઠા બનમેં,
ખેચરી મુદ્રા બજ્રાસનમેં ધ્યાન ધરત હે મનમેં–
તબ હી કચ્ચા, નહીં ગુરુકા બચ્ચા!
કહે મછંદર સૂન હો ગોરખ, તીનો ઉપર જાના
કૃપાભયી જબ સતગુરુકી, આપ આપકો ચિના–
વોહી સચ્ચા બે બચ્ચા, વોહી ગુરુકા બચ્ચા!



સંસારનો ત્યાગ કરી વનમાં વાસ કરવો, ખેચરી મુદ્રામાં પ્રવીણ બનવું અને નિરંતર બજ્રાસનમાં સ્થિર થઇ ધ્યાન કરતા રહેવું એ ત્રણે લક્ષણો સાચા શિષ્ય બનવા માટે પર્યાપ્ત ગણાય નહીં એવી સંતવાણી છે. તેથી મછંદરનાથ ભારપૂર્વક કહે છે કે આ ત્રણે લક્ષણો ઉત્થાન માટે ભલે ઉપયોગી ગણાતા હોય પણ તેનાથી પણ આગળ જઇ શિષ્યે પોતાની જાતને સાધનામાં ડૂબાડી દેવી જરૂરી છે. તો જ સદ્‌ગુરુની કૃપા તેના પર થઇ શકે અને તેને પોતાના સ્વરૂપનું દર્શન કરવાનો મોકો મળે. મનને સ્વરૂપમાં સ્થિર કર્યા વિના સાચા શિષ્ય થવાતું નથી. આ દૃષ્ટિએ કબીર સાહેબે આ સાખીમાં ગુરુપદ અને શિષ્યપદ માટે સાધનાની આવશ્યકતા તરફ અંગુલિનિર્દેશ કરી સાધકગણને સુંદર માર્ગ-દર્શન આપ્યું ગણાય.

ગુરુની કૃપા શિષ્ય પર ક્યારે ઉતરે? અનુભવી પુરુષો કહે છે કે શિષ્ય પોતે સમર્પિત ન થાય, શરણાગતભાવે આજ્ઞાધીન ન બને ત્યાં સુધી શક્ય જ નથી. અર્જુન પણ જ્યાં સુધી 'शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्।' કહી શ્રીકૃષ્ણને શરણે જતો નથી ત્યાં સુધી તે કૃષ્ણની કૃપા પ્રાપ્ત કરી શકતો નથી. સર્વસમર્પણભાવે ગુરુની શરણાગતિ સ્વીકારવામાં શિષ્યની અનેક પ્રકારે કસોટી થતી હોય છે. અહંકાર હોય ત્યાં સુધી શરણાગત ભાવ જાગતો નથી અને સર્વ સમર્પણ કરી શકાતું પણ નથી.

સર દિલીપચંદ્ર રોય અરવિંદ ઘોષના પોતે શિષ્ય છે એવું માનતા ને મનાવતા. તેઓ સંગીતજ્ઞ તરીકે સમગ્ર જગતમાં પ્રસિદ્ધ પણ હતા. તેમણે મોટાઇ મેળવી હતી પણ શરણ મેળવ્યું નહોતું! તેમનામાં શરણાગતિ ભાવ જાગતો જ નહોતો! તેથી

તેઓ ગુરુ અરવિંદને સર્વ સમર્પણ ભાવે સમર્પિત થઇ શક્યા જ નહોતા! બલકે કોઇ શરણાગતિ સ્વીકારે ને સર્વ સમર્પિત થઇ જાય તે વાત તેમને માન્યામાં પણ આવતી નહિ. માનવની એ નબળાઇ છે એવું તેઓ માનતા.

એકવાર અરવિંદ આશ્રમ માટે ફંડફાળા ઉઘરાવવા માટે તેઓ સમગ્ર ભારતમાં ફરતા હતા. ઉત્તર ભારતમાં તેમણે સંગીતનો એક સમારંભ રાખ્યો હતો. ત્યારે તેમને સ્વામી કૃષ્ણપ્રેમ (સર રોનાલ્ડ નિકસન) સાથે પરિચય થાય છે. સ્વામી કૃષ્ણપ્રેમ એક વૈષ્ણવ મહિલાને ગુરુ માની તેને સર્વભાવે સમર્પિત થયા હતા. સ્વામીજીની ભક્તિ અદ્ભુત હતી. મૂળ તો તેઓ અંગ્રેજીના પ્રાધ્યાપક હતા. સર્વ ત્યાગીને તેમણે સ્વામી કૃષ્ણપ્રેમ નામ ધારણ કર્યું હતું. અંગ્રેજી ભાષાનું જ્ઞાન પણ તેમનું અદ્ભુત હતું. તેથી દિલીપચંદ્ર રોયને સ્વામીજી પ્રત્યે આકર્ષણ થયું ને પરિણામે તેમની સાથે રહેવાનો તેમને મોકો મળ્યો. ઘણો સત્સંગ થયો હતો. સ્વામીજીએ પોતે એક મહિલાને ગુરુ ગણી કેવી રીતે સર્વ સમર્પણભાવે શરણાગતિ સ્વીકારી હતી તે વિગતે સમજાવ્યું હતું. ત્યાર પછી જ તેમને શરણાગતિ ભાવના મહિમાનો પ્રભાવ પણ જોવા મળ્યો હતો. પરિણામે તેમને પોતાની જાતમાં એવો ભાવ જગાડવાની લગની લાગી ને છેવટે તેઓ સફળતાપૂર્વક ગુરુ અરવિંદને સર્વસમર્પણભાવે સમર્પિત થઇ શક્યા હતા. ત્યાર પછી જ તેમને અદ્ભુત અનુભૂતિઓ થવા લાગી હતી. તે અવસ્થામાં જ તેમને ગીતાનું વચન સાચા અર્થમાં સમજાયું હતું:

सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वाम् सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच ॥ગી. ૧૮/૬૬



અર્થાત્ સર્વ પ્રકારના ધર્મોને છોડીને તું મારું જ શરણું લેશે તો હું તને સર્વ પાપોમાંથી બચાવીશ, તું જરા પણ ચિંતા કરીશ નહિ! શ્રીમદ્ ભગવદ્ગીતાના કથન અનુસાર જ પૂ. મા સર્વેશ્વરીએ સર્વસ્વનો ત્યાગ કર્યો હતો ને ગુરુદેવ યોગેશ્વરની શરણાગતિ સ્વીકારી હતી તે મારાથી કેમ ભૂલાય? તે ઘટનાના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય મને મળ્યું હતું તેની યાદ આજે પણ મારા અંતરના આકાશમાં અજવાળું પાથરી રહી છે! આવતી કાલે શું ખાવાનું મળશે? શું પહેરવાનું મળશે? શું ઓઢવાનું મળશે? કેવી રીતે રહેવાશે? કેવી રીતે જીવાશે? માન મળશે કે અપમાન? આ બધી ચિંતા કરનાર ત્યાગ કરી શકતો જ નથી. પરિણામે તે સાચો શરણાગત શિષ્ય થઇ શકતો નથી. પૂ. મા સર્વેશ્વરીએ આવી કોઇ ચિંતા કર્યા વગર જ ગુરુદેવ યોગેશ્વરજીની સર્વ સમર્પણ-ભાવે શરણાગતિ સ્વીકારી હતી તેથી આજે તેમના પર હરડગલે પ્રત્યેક ક્ષણે ગુરુની કૃપા અનરાધાર વરસ્યા જ કરતી આપણે જોઇ રહ્યા છીએ. સર્વ સિદ્ધિઓ દાસી બનીને તેમનાં ચરણોમાં આજે તો રહે છે ને સેવા પણ કરે છે!

જુઓને, તેઓ છેલ્લાં આઠ વર્ષથી ઉપવાસી છે. ક્યારેક ફળ લે તો એક જ વાર ચોવીસ કલાકમાં! અને તે પણ ફળનો ચોથો ભાગ! દૂધ સ્વીકારે તો માત્ર ૧૨૫ ગ્રામ! નાળિયેરનું પાણી લે તો ૨૫૦ ગ્રામ! ઘણે ભાગે તો સાદું પાણી જ લે છે. કોઇ પણ વસ્તુ ચોવીસ કલાકમાં એક જ વાર લેવાનું તેમનું વ્રત પણ ઘણું કપરું છે! જો કોઇ સાધક પ્રેમી તે સમયે આવી ચઢે તો બીજે દિવસે જ તે વસ્તુ સ્વીકારે! અને છતાં તેઓ તમામ ક્રિયાઓ નિયમિત રીતે કર્યા જ કરે છે! યાત્રાઓ પણ ચાલુ જ છે!

દક્ષિણ ભારતમાં બાહુબલિ તીર્થના સાતસો પગથિયાં પણ ત્વરાથી ચઢી જાય ને ત્વરાથી ઉતરી શકે! તંદુરસ્ત વ્યક્તિ તેમની સાથે ઝડપથી એકધારું ચાલી શકે નહિ એવી તેઓ શક્તિથી સંપન્ન છે.

પૂ. મા સર્વેશ્વરી જેવા શિષ્યાને ધ્યાનમાં રાખીને કબીર સાહેબ કહે છે : 'તાકા મતા અગાધ.' મતા એટલે બુદ્ધિ. અપરિમિત બુદ્ધિનો યોગ ગુરુ કૃપાથી તેને પ્રાપ્ત થાય છે. સ્થળ કાળની મર્યાદા તેવી બુદ્ધિને નડતી નથી. ભાવિના ગર્ભમાં આરપાર તે જોઇ શકે ને તે પ્રમાણે તે જીવી શકે! તેવી બુદ્ધિ અનેક ચમત્કારોનું સર્જન કરી શકે તેથી કબીર સાહેબ તેને 'અગાધ' કહે છે. તેનો કોણ પાર પામી શકે?

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



## યોગેશ્વર-ગીત

યોગેશ્વરજી! યોગ તમારો 'પ્રકાશ પંથે' પ્રેરે રે,
સૂતેલાંને જાગ્રત કરતો, જીવન સમર શું હેરે રે.
યોગેશ્વરજી!...

યોગેશ્વરજી! વાણી તમારીઃ ગંગોત્રી-જલ-રાશિ રે,
કર્ણામૃતનું દિવ્ય રસાયણઃ દર્શન મથુરાં-કાશી રે.
યોગેશ્વરજી!...

યોગેશ્વરજી! દૃષ્ટિ તમારી, પ્રણયામૃતની વૃષ્ટિ રે;
પડતર ધરા શું પુષ્પિત કરતી! સુફલા સારી સૃષ્ટિ રે.
યોગેશ્વરજી!...

યોગેશ્વરજી! હાસ્ય તમારું, ઝરમર ઝરતી જ્યોત્સ્ના રે,
કુત્સિતનેયે કમનીય કરતું, દયનીય દુરિત હરતું રે,.
યોગેશ્વરજી!...

યોગેશ્વરજી! જ્ઞાન તમારું, ઉપનિષદ્નો સાર રે,
'અધ્યાત્મે' આરોહણ કરતું, મોક્ષ-પુરીનું દ્વાર રે.
યોગેશ્વરજી!...

યોગેશ્વરજી! વ્યવહાર તમારો, પુષ્પ-પરિમલ-પાવન રે,
મધુદર્શી, મધુકર ગુણગ્રાહી, ભવરણ કરતો કાનન રે.
યોગેશ્વરજી!...

યોગેશ્વરજી! હૃદય તમારું નંદનંદન-નવનીત રે,
સચરાચરમાં વિચરી કરતું, ભૂતમાત્રનું હિત રે.
યોગેશ્વરજી!...

યોગેશ્વરજી! જીવન તમારું જ્ઞાન–ભક્તિ ને યોગ રે,
દર્શન–શ્રવણ–નિદિધ્યાસનથી ટાળે ત્રિવિધ શોક રે.
યોગેશ્વરજી!...

યોગેશ્વરજી! યોગ તમારો હરતો અગણિત રોગ રે,
ભોગીને પણ યોગી કરતો થાય જોગાનુ જોગ રે.
યોગેશ્વરજી!...

ડો. રણજિત પટેલ (અનામી)

○


પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS: 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨




# આજની માનવ દોટ

વિભાકર પંડયા

("પ્રાણતત્ત્વ યોગાનુભૂતિ"માંથી)

આમ જુઓ તો માનવી ખાલી હાથે આવે છે. જે આ જગતમાં જ રહી જવાનું છે તેવું ધન, દોલત, જમીન, જાગીર એકઠી કરવામાં જ જીવનનાં અમૂલ્ય વર્ષો વેડફી નાંખે છે. ત્યારે તેને સલાહ આપીએ કે તમે ધ્યાન–ભજન કરો તો જવાબ આપે કે મારી પાસે સમય નથી.

જીવનમાં તમે એવું ભેગું કરો કે જે આ લોક અને પરલોકમાં મદદરૂપ થાય. તે માટે લોહી પસીનો એક કરીને ધન–દોલત પાછળ લાગીએ છીએ. આ ધન–દોલતરૂપી ઠીકરાં અહીં ને અહીં જ પડયા રહે છે. અને પરલોક માટે જે ધન ભેગું આવે છે તે કર્યું નથી, પરલોકમાં ધ્યાન, જપ, ભજન, સદ્વર્તન ને વાંચન સાથમાં આવે છે તે કાંઇ કર્યું નથી અને તેને માટે સમય જ નથી.

આમ તો આ લોક અને પરલોક બંને માટે પુરુષાર્થ કરવો જોઇએ. પરંતુ પરલોકનું મહત્ત્વ ઘટી ગયું છે અને આજનો માનવી માની બેસે છે કે હું તો અમર જ છું. મરવાનો જ નથી અને એ રીતે સમજીને પોતાનો સાંસારિક વિસ્તાર વધાર્યા જ કરે છે. કદાચ આને ભગવાનની જ માયા કહી હશે. દરેક માનવી આ સમજે છે. પરંતુ તે છતાં ધન–દોલતરૂપી ઠીકરાં ભેગા કરવા લાગી પડે છે. તે ન મળે તો પરદેશ જાય છે. જ્યોતિષશાસ્ત્રમાં

પરદેશ જવું તે દુઃખની વાત બતાવી છે. આજના જમાનામાં તે આનંદની વાત છે.

આમ માનવી અમેરિકા, ઇંગ્લેન્ડ કે જાપાન હજારો કિલોમીટર દૂર જઇ શકે છે. પરંતુ પોતાનાથી પણ નજીક હૃદયમાં આત્મારામ છુપાયો છે. ત્યાં સુધી જઇ શકતો નથી. જે એક ઇંચની પણ દૂરી પર નથી. છતાં ત્યાં પહોંચાતું નથી. આપણા ધર્મશાસ્ત્ર, સંતો, સિદ્ધો રસ્તો બતાવી ગયા છે. પરંતુ તે તરફ જનારા કેટલા?

કોઇ એક ભાઇ ભગવાન બુદ્ધ પાસે ગયા અને વાત કરી કે શું આત્મસાક્ષાત્કાર બધાને થઇ શકે? ભગવાન બુદ્ધે કહ્યું કે હા, બધાને થાય. પેલા ભાઇએ પૂછ્યું કે આ ગામમાં ૫૦૦૦ ની વસ્તી છે, તે બધા આપના સાધક છે, તો કેટલાને આત્મસાક્ષાત્કાર થયેલ છે? ભગવાન બુદ્ધે કહ્યું કે તમે ગામમાં જઇને તપાસ કરો કે તે લોકોની ઇચ્છા શું છે. પેલા ભાઇએ ગામમાં જઇને તપાસ કરી તો જાણવા મળ્યું કે દરેકને ભગવાન બુદ્ધ પાસેથી સાંસારિક કામના હતી. કોઇ સંતાન માગતા હતા, કોઇ કીર્તિ માગતા હતા, કોઇ ધન દોલત માગતા હતા, પરંતુ કોઇને આત્મસાક્ષાત્કાર જોઇતો ન હતો. ટૂંકમાં તમારો જ ધ્યેય હોય તે સિદ્ધ થાય. પૈસા પાછળ લાગો તો એક દિવસ પૈસાદારમાં ગણના થાય. કીર્તિ પાછળ લાગો તો તે મળે. જેવું તમારો ધ્યેય. પણ પ્રભુપ્રાપ્તિનું ધ્યેય તો લાખો નહિ પરંતુ કરોડોમાં કોકને જ હોય, તેનું શું?

○



# વાણી

કમલ સુથાર, હિમ્મતનગર.

વાણી એટલે બોલી. વાણી એટલે ભાષા. મનુષ્ય પોતાના વિચારો-ની, પોતાના હૃદયના ભાવોની અભિવ્યક્તિ વાણી દ્વારા કરે છે.

વાણી એ મનુષ્યને પ્રભુ દ્વારા મળેલું શ્રેષ્ઠ વરદાન છે. શાસ્ત્રોમાં વાણીના ચાર પ્રકારો બતાવેલા છે. (૧) વૈખરીવાણી (૨) મધ્યમાવાણી (૩) પશ્યન્તિવાણી (૪) પરાવાણી.

સાધારણ બોલચાલમાં, વ્યવહારોમાં, જે વાણીનો ઉપયોગ થાય છે. તે વૈખરીવાણી છે. જગતનો મોટાભાગનો વ્યવહાર વૈખરીવાણી દ્વારા ચાલે છે. પરાવાણી એ સમાધિની ભાષા છે. યોગી, સંત, મહાત્મા કે કોઇ ઓલિયા પુરુષ કે જેમનું મન પરમાત્મા સાથે એકાકાર બની ગયું છે અને જે પરમાત્મા સ્વરૂપમાં સ્થિત છે એવા પુરુષોની જે વાણી છે. તે સત્યવાણી, પરાવાણી છે. એમનો શબ્દ તે સત્યશબ્દ છે. તેમાં તેજ છે. પ્રકાશ છે. આત્મનિષ્ઠ મહાપુરુષોની તે અહિંસક વાણી છે.

મન, વચન અને કાયા ઉપર જે સંયમ સાધે તે સુખી થાય. તેનું જીવન સાર્થક થાય. બહિર્મુખ મનને અંતર્મુખ કરી મનુષ્ય મનને આત્મામાં, પરમાત્મામાં એકાગ્ર કરે તો અનેક કાર્યો તે સિદ્ધ કરી શકે છે. મન પ્રબળ બને છે. વાણી પ્રબળ બને છે. વાણી પવિત્ર બને છે. વાણી અહિંસક બને છે. પ્રેમમય બને છે. આવી વાણી સર્વનાં દિલ જીતી શકે છે.

માનવ-જીવનમાં ચાર શુદ્ધિઓ અત્યંત જરૂરી છે. દેહશુદ્ધિ,

આહારશુદ્ધિ, મનશુદ્ધિ અને વાણીશુદ્ધિ. સત્સંગ, સત્‌વાચન, અને સત્‌ચિંતનથી મનની શુદ્ધિ થાય છે. સાત્ત્વિક, શુદ્ધ, પવિત્ર શાકાહાર, અન્નાહારથી શરીર શુદ્ધ થાય છે. અને જીભ ઉપરના સંયમથી વાણી શુદ્ધ થાય છે. વાણી શુદ્ધ થતાં વ્યવહાર શુદ્ધ થાય છે અને હૃદયશુદ્ધિ થાય છે. ચિત્ત શુદ્ધ થાય છે. ચિત્ત શુદ્ધ થતાં પરમ આત્માનંદની પ્રાપ્તિ થાય છે.

વાણી એ માનવ–હૃદયનું પ્રતિબિંબ છે. બીજાના હૃદયને સુખ આપે, મનને પ્રસન્ન કરે, તેવી મધુર, હિતકર અને અહિંસક વાણી બોલવી જોઈએ. એટલે જ તો એક પરમ અનુભવી સંત શ્રી કહે છે કેઃ–

ऐसी बानी बोलिये मनका आपा खोय ।<br>
औरन कूं सितल करे आपहूं सितल होय ॥

જીભ પરના સંયમથી વાણી શુદ્ધ થાય છે. અને વાણી શુદ્ધ થતાં મધુર ઉચ્ચારણ થાય છે. વાણીના મધુર ઉચ્ચારણથી જીવન સુવાસિત બને છે. શુદ્ધ અને મધુરવાણીથી હૃદયની એકતા સધાય છે.

મધુર અને અહિંસકવાણી માનવહૃદયોને જોડે છે. માનવીય સહાનુભૂતિ ભરેલો એક મીઠો શબ્દ દુઃખી વ્યક્તિ માટે ઔષધ સમાન છે. મૃતપ્રાયઃ વ્યક્તિ માટે તે સંજીવની બની શકે છે. મધુરવાણી પોતાના જીવનને અને અન્યના જીવનને સુખી બનાવી શકે છે.

જીભ ઉપર સંયમ રાખી અનુદ્વેગકર, શુદ્ધ, મધુર, નિર્મળ, અહિંસક, અને સત્યવાણી બોલવી જોઈએ. જેથી બીજાને પણ સુખ મળે અને પોતાનું જીવન પણ આનંદપૂર્ણ રહે.



દેવોના વૈદ

# શ્રી અશ્વિનીકુમાર રૂપે પૂ. મા

જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી

ઝેરીલી વનસ્પતિથી પ્રજ્ઞાચક્ષુ બનેલા ઉપમન્યુની સારવાર, દેવોનાં વૈદ શ્રી અશ્વિની કુમારોએ કરેલી. સુરતમાં તાપી નદીને કિનારે વસેલા એ તીર્થ સ્થળમાં પૂ. શ્રી સાથે અમે ગયેલાં, ત્યારે તે સ્થળનો મહિમા જાણતાં નં હતાં. પૂ. શ્રીએ એટલી જ સમજ આપેલી કે તે 'દેવોના ડોક્ટર' ગણાય. પણ સુરતમાં તે દિવસોમાં વસવાટ કરી ચૂકેલાં આપણાં શ્રી શ્રી માનો આ સ્વરૂપે સાક્ષાત્કાર તો છેક ૨૭ વર્ષ પછી મુંબઈમાં થયો.

હરિદ્વારનો પ્રસન્ન નિવાસ, ત્યારબાદ અમદાવાદ અને કપૂરાના નિવાસે સતત પ્રસન્નતામાં વધારો કરેલો. પણ મનનો એક ખૂણો આજે પણ ઉદ્વિગ્ન છે અને ત્યારે પણ હતો કે શ્રી શ્રી મા વિદેશ જવાનાં છે, ૩ જી જુલાઈથી ૭, જુલાઈ ૧૯૯૧ સુધી શ્રી શ્રી મા નો મુંબઈ નિવાસ, પછી તો તેઓ દૂર સુદૂર ચાલ્યાં જશે એ નયનોનો વિરામ અને અંતરનો આરામ પાછો ક્યારે પ્રાપ્ત થશે! એવી મીઠી ઉદ્વિગ્નતાએ મનને સતત ઘેરી લીધું હતું.

મુંબઈમાં શ્રી શ્રી માનું આગમન થયું ત્યારે એક આકસ્મિક ઘટના બની. શ્રી શ્રી માના અનન્ય અને શરણાગત શ્રી મોહનભાઈ ભક્તને ગેંગરીનની વ્યાધિની ઉપાધિ આવી પડી. આધુનિક દાક્તરી વિજ્ઞાનમાં તેને માટે વાઢકાપ કે તે અવયવની બાદબાકી સિવાય બીજો કોઈ વિકલ્પ છે નહીં, એ વાઢકાપ, ખૂબ

દુ:ખદાયક પ્રક્રિયા ને વળી અતિ ખર્ચાળ પણ ખરી. જો કે શ્રી મોહનભાઇ માટે કોઇ આર્થિક મૂંઝવણ ન હતી. પરંતુ પગના વાઢકાપની વાત સ્વીકારવા પૂ. માનું મંન તૈયાર ન હતું. ચલથાણ અને સુરત હોસ્પિટલે એવો અભિપ્રાય આપેલો કે બંને પગ નકામા બની જશે. તેની નોટિસ તો આપેલી જ. તે સિવાય તેમના ફેમિલિ ડૉક્ટર શ્રી મધુસૂદનભાઇ ભક્ત અને મુંબઇના સ્પેશીઆ-લીસ્ટો બાયપાસ સર્જરી પછી સારું થઇ જ જશે એવી કોઇ પણ સંપૂર્ણ ખાત્રી તો નહોતા જ આપતા. આ બધી વિમાસણમાં ભલભલો માણસ મૂંઝાઇ જાય તો શ્રી મોહનભાઇ જેવા સરળ સહૃદય અને નમ્ર માણસનું તો શું ગજું? પરંતુ...

શ્રી મોહનભાઇ પાસે તરણા જેવી દેખાય છતાં મેરૂ જેવી મોટી અચળ શ્રદ્ધા પૂ. શ્રી મા અને શ્રી પ્રભુમાં હતી. "જીવન જ્યારે ઝેરલાં ખાતું હોય ત્યારે," પૂ. મા જેમ કહે તેમ જ કરશું" એવું વાક્ય ઉચ્ચારવું પણ હિંમત માગી લે છે તો પછી તેને આચરણમાં મૂકવું એ તો અનન્ય શરણાગતિ સિવાય સંભવી જ શી રીતે શકે?

શ્રી મોહનભાઇએ માનું સંપૂર્ણ શરણ લઇ લીધું. તો પૂ. માએ સામેથી એવી જ એમની અનન્ય શરણાગતિ સ્વીકારી લીધી. પૂ. માનું વ્યક્તિત્વ એક પહેલદાર હીરા જેવું છે. જેમ જેમ તેની નજીક આવતા જાવ અને જો તમારી દૃષ્ટિ ખુલ્લી રાખો તો, તેના નવા નવા પાસાઓનો સાક્ષાત્કાર થતો જાય. બાકી તેને મૂલવવાનું તો આપણું સંસારીઓનું શું ગજું?

શ્રી શ્રી માએ મોહનભાઇને સંપૂર્ણ રીતે સંભાળી લીધા. સતત પ્રસન્નતા કોઇપણ પ્રતિકૂળ પ્રસંગ બની જાય તો તેને તેઓ



વિધેયક દૃષ્ટિએ (Positive thinking) મૂલવે. જેમકે અગુંઠો ગયો તો તેનું દુ:ખ શું? આપણે રીટાયર્ડ થઇએ તો આપણો એકાદ અવયવ શું રીટાયર્ડ ન થાય? થાય જ.

શ્રી શ્રી મા આ ઉપરાંત તેમના જમવાની, દવાની, બધાની કાળજી રાખે. દરેક વસ્તુ કેમ વધુ રુચિકર બને તેનું ખાસ ધ્યાન રાખે. વળી આસપાસના માણસોને પણ દર્દીના મનમાં કોઇ દ્વિધા અગર ઉદ્વિગ્નતા પેદા થાય, તેવું કશું ન બોલવા કે વ્યવહાર કરવા ખાસ સૂચના આપે. અને પહાડ જેવી વિમાસણને પણ ઓહો આટલું જ! કહી હસતાં હસતાં સહેવાનો પાઠ શીખવે. આ સાથે પેલો કરુણાસાગર પ્રભુ તેને કેમ વિસરે! સતત પ્રાર્થના કરે. નિર્જળા કરી પ્રાર્થના કરે અને એ દરમ્યાનની મથામણમાં વાઢકાપ સિવાયનો તેનો એક સરસ ઉકેલ પ્રભુકૃપાથી મળી આવ્યો!

શ્રી ભારતીબ્હેન ચોકસી એ પણ માના શ્રદ્ધાળુ ભક્ત છે. તેમણે "બોમ્બે હોસ્પિટલ"માં આવેલા કુદરતી ઉપચારમાં શ્રદ્ધા ધરાવનારા અને ગાંધીજીની વિચારસરણિને માનનારા જ નહીં, પણ અનુસરનારા ડૉ. આનંદ ગોકણીનું નામ સૂચવ્યું. તેમની સારવાર અને ઉપાય મોહનભાઇને નવજીવન આપી ગયાં. મોહનભાઇએ માની અનન્ય શ્રદ્ધાભક્તિની સાથે ડૉક્ટરે આપેલી અસામાન્ય પથ્ય પદ્ધતિનું પણ ચૂસ્ત રીતે પાલન કર્યું. સફેદ ઝેર જેવી ચાર વસ્તુઓ—મીઠું, સાકર, મેંદો અને દૂધ જેના વગર આપણે રોજિંદા ખોરાકની કલ્પના જ ન કરી શકીએ તે બહુ પ્રેમપૂર્વક ત્યાગી દીધાં. કાચાં શાકભાજી અને ઉગાડેલાં કઠોળ તથા ફળોનું સેવન કર્યું ઋષિ મુનિઓના જેવા ખોરાકનું સેવન કરતા થઇ ગયા. અને પાંચ દસ દિવસમાં જ એનું અકલ્પ્ય પરિણામ

આવ્યું! અંગુઠામાં નવા ટીસ્યુ ફૂટયા! નસોમાં લોહી વહેવા માંડયું. શ્રી મોહનલાલ સરળતાથી ચાલવા લાગ્યા. દાદર ચઢ ઉતર કરવા લાગ્યા અને દૈનિક ક્રિયાઓ પણ એક તંદુરસ્ત માણસની જેમ કરવા લાગ્યા. ડાયાબીટીઝના મારણ ઇન્સ્યુલિનને ૨૧ વર્ષે તિલાંજલિ આપી!

શ્રી શ્રી મા આધ્યાત્મિક ગુરુ તો છે, પણ એક ઉત્તમ મનોવૈજ્ઞાનિક પણ છે 'અપત્ય પ્રેમ'ની લાગણીથી શુક્રાચાર્ય જેવા સંજીવની વિદ્યા જાણનાર પણ બાકાત ન હોતા, તો સંસારી જીવો ને કે ભક્તોને તો તે ગમે જ. તેમણે અમેરિકાથી આવતા સરોજ બ્હેન પાસે પોતાની પૌત્રી રાધિકાની કેસેટ મંગાવી તેની પ્રસન્નતામાં વધારો કર્યો. ભાઇ શ્રી અજય કલોલા જે હાસ્ય નિષ્પન્ન કરવાની વિવિધ કળાઓમાં નિપુણ છે તેણે પણ તેની એ અંગેની સેવા પ્રદાન કરી.

શ્રી શ્રી માએ રોજ રાત્રે ૧૧ યોગેશ્વર બાવનીનો સંકીર્તન પણ કરાવ્યો. તેમાં મુંબઇના ઘણા શ્રદ્ધાળુ સાધકોએ ભાગ લીધો અને લગભગ રોજના ૨૨૫ થી ૨૫૦ જેટલા યોગેશ્વર બાવનીના કુલ પાઠ થતા. શ્રી શ્રી મા પ્રસન્નતા પૂર્વક તેમાં ભાગ લેતાં, તો શ્રી સુશીલાબ્હેન ભક્ત ગાયકવૃંદનું નેતૃત્વ સંભાળે. શ્રી મધુભાઇ ભટ્ટ કરતાલથી, શ્રી મીનાબ્હેન ભટ્ટ ખંજરીથી તો પૂજા અને બીજાં બાળકો મંજીરાથી એ સ્વરયજ્ઞને સજાવે અને પદે પદે પ્રભુનો આભાર માને.

રેલ્વેમાં બહારગામ જતાં હોઇએ અને રેલ્વેનો ઉદ્‌ઘોષક આપણી યાત્રા માટે શુભેચ્છા પાઠવે તો પણ આપણે તેના આભારી થઇ જઇએ, તો જીવલેણ માંદગી જેવા પ્રસંગે શ્રી



મોહનભાઇ સર્વ સાધકોની શ્રદ્ધાભક્તિપૂર્વકની શુભેચ્છાથી ગદ-ગદિત થઇ જાય. આ સંકીર્તન યજ્ઞ ઉપરાંત અમારા કાકા શ્રી હરિશ્ચંદ્ર જાની રોજ ભગવાન શંકર ઉપર દૂધનો અભિષેક કરતા, અમારાં માતુશ્રી રોજ આજે પણ મહામૃત્યુના જપ અને ૐ યોગેશ્વર રક્ષમામ્‌ના જપ કરે, તો અમારા પિતાશ્રી એમનું સતત સ્મરણ કરી મા પ્રભુને ભાવાંજલિ અર્પણ કરે.

કોઇ રખે એવી ગેરસમજ ઉભી કરે કે શ્રી મોહનલાલ શ્રી શ્રી માના પૂર્વાશ્રમના સ્વજન છે માટે આમ કર્યું, વિદેશયાત્રા લંબાવી બીજા બધા જ કાર્યક્રમો છોડી આજ કાર્યક્રમને પ્રાધાન્ય આપ્યું. સતત પ્રભુને પ્રાર્થનાઓ કરી, ન જાણે શું શું કર્યું? આટલું સુખદ સાન્નિધ્ય આપ્યું. એક જ કારણ અચળ અને અનન્ય શ્રદ્ધા અને જીવન રથનાં સારથિ મા જ એવી માત્ર કહેણી નહીં કરણી પણ ખરી જ.

ભગવાન અને સંતો કદી કોઇનું ઋણ માથે રાખતા નથી. આ માંદગીને યાદ કરીને શ્રી શ્રી માએ એકવાર કહ્યું, "અમે નાનાં હતાં ત્યારે વેકેશન પડતાં જ બેન જ્યાં હોય ત્યાં રહેવા દોડી જતાં. આ બધું ઋણ તો ચુકાવવું પડે ને?" કેવો અદ્‌ભુત ઋણસ્વીકાર!

અમારી જાણ પ્રમાણે શ્રી શ્રી માએ પૂ. શ્રીની ભૌતિક વિદાય પછી ક્યારેય પોતાના સ્વાસ્થ્ય કે તંદુરસ્તી માટે પ્રભુને પ્રાર્થના નથી કરી, કશું જ માગ્યું નથી. મળ્યું તેનો આનંદ ખરો, પણ અભાવનું કદી દુઃખ નહીં. સતત પ્રસન્નતા છતાં એક અનન્ય શ્રદ્ધાળુ બાળકને મા જ્યારે અંકે લઇ લે ત્યારે શું કરે તે નિહાળવાનો પ્રત્યક્ષ લ્હાવો મળ્યો.

મોહનલાલની સાથે આવેલાં તેમનાં ધર્મપત્ની શ્રી સુશીલા-બ્હેનને પહેલે દિવસે મુંબઇમાં જોયાં ત્યારે મનને એમ થયું કે તેમની ઉંમર થોડા દિવસોમાં જ શું ૧૦ વર્ષ એક સાથે વધી ગઇ !

કપૂરામાં નાચતું, કૂદતું, જીવનના ઉલ્લાસનું ગીત ગાતું ઝરણું આ માંદગીના તાપમાં સૂકાઇ ગયું શું ?

પણ અમારા માતુશ્રીએ એમને આશ્વાસન આપતાં કહેલા શબ્દો હજી અમારા કાનમાં ગૂંજે છે કે "તમે તો સાવિત્રી જેવાં છો" મોહનલાલ પ્રત્યે પણ તમારી અનન્ય ભક્તિ છે અને પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પ્રત્યે પણ એવી. ખરેખર પ્રભુ પ્રત્યે ભક્તિ હોય ત્યારે જ ઉનાળાની એ ધોમધખતી ગરમીમાં સહુ ગંગાનું અને પૂ. માનું સાન્નિધ્ય માણતું હોય ત્યારે, વાહન વ્યવહારની કેટલી અસુવિધા વેઠીને પ્રભુનાં પદો લોકભોગ્ય બને તે માટે તેના રાગ શીખવા જાય, ગાય અને ગવડાવે. તેમની પતિભક્તિ અને પ્રભુભક્તિ મોહનકાકાને ગેંગરીન જેવા યમપાશમાંથી છોડાવી લાવી. ભાઇ તાપસે પણ દિવસ રાત જોયા વગર ખૂબ પ્રેમથી પોતાના પિતાની સેવા કરી.

આ ઉપરાંત સેવા શબ્દના પર્યાય જેવો સમગ્ર ભટ્ટ પરિવાર, અનિલ, યોગેશ, દીપેશ, નારાયણભાઇ જાનીનો પરિવાર, ભારતી-બ્હેન, હરિશ્ચંદ્ર જાનીનો પરિવાર અને બીજાં અનેક શ્રદ્ધાળુ ભાઇ બ્હેનોએ તેમને પ્રેમની ઉષ્મા આપી તેણે પણ એક અસામાન્ય ઔષધી જેવું કામ કર્યું.

ભગવાન માટે આંસુ સારતાં મેં અનેક ભક્તોને જોયા છે, પણ ભક્ત માટે આંસુ સારતાં જગદંબા સ્વરૂપ પૂ. માને પણ



જોયાં. ધન્ય છે ભક્તવત્સલ પૂ. માને અને ધન્ય છે એ શરણાગત ભક્તને. હે મા, પ્રભુ અમને પણ તમારામાં એવી જ શ્રદ્ધાભક્તિ આપજો, જે જીવનમાં ક્યારેય વિપરિત પરિસ્થિતિઓમાં પણ કદી વિચલિત ના થાય.

જય હો યોગેશ્વર પ્રભુનો, કરુણાસિંધુ માનો અને યોગેશ્વર પરિવારનો. ધન્ય હો શ્રી મોહનલાલની માંદગીને જેણે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના દેવોના વૈદ અશ્વિનીકુમાર જેવા તેઓના જીવન પાસાનો અમને પરિચય કરાવ્યો ! વળી ચરણની ચિંતાના સતત ચિંતક, પ્રભુ શ્રદ્ધાની અને સંત આશિષમાં અખંડ શ્રદ્ધા ધરાવનાર શ્રી ઈશ્વરભાઇ ભક્ત, ડૉ. મધુસૂદન ભક્ત, ડૉ. કાંતિલાલ જોષીનું માર્ગદર્શન પણ આ પ્રસંગે પ્રેરણાદાયી રહ્યું અને તેઓએ પણ અધ્યાત્મ શક્તિનો ભૌતિક વિજ્ઞાનપર વિજય નિહાળ્યો.

### સુવાક્ય

ગુરુની કૃપા સદા છે જ તમે એવું માનો છો કે એ કોઇક દૂર દૂર આકાશમાં રહેનારી ને ત્યાંથી નીચે ઉતરનારી વસ્તુ છે. વસ્તુતઃ તો એ તમારી અંદર તમારા હૃદયમાં છે અને જે ક્ષણે તમે તમારા મનને એને તાબે કરીને એના મૂળ ઉદ્‌ભવસ્થાનમાં લીન કરો છો તે જ ક્ષણે એ વેગથી વહેતા ઝરણાની જેમ તમારી અંદરથી વહેવા માંડે છે.

રમણ મહર્ષિ

## જીવનધર્મ

જીવન બક્ષિસ પ્રભુની છે! કૈંક વણવાંચ્છિત મળ્યું પણ હો!
ભલે, જેવું મળેલું હો—ઊંચે ત્યાંથી જવાનું છે!
જીવનવિકાસને અર્થે,—હૃદય—મનના ઉમળકાથી—
ખરો ઉપયોગ સાધીને, 'ચરણ' પધરાવવાનું છે!

## જીવનનાં પ્રસંગ – પાસાં

વ્યક્તિનાં જીવન—પાસાં, ભલે જુદાં જણાતાં હો—
છતાં, તે સર્વમાં ગૂઢ સમગ્રતા જીવનની છે!
પ્રકરણ સમી સળંગતામાં, પ્રસંગ—પાસાં પ્રગટતાં છે—
નથી કોઈ એકલું જુદું—પરસ્પરથી રચાતાં છે!

## આત્મશ્રદ્ધા

શ્રદ્ધા સ્વયં આત્મની શક્તિ, ધ્યેયલક્ષિત ક્રિયાત્મક છે!
સંકલ્પ સાથે અડગતાથી—અગોચરમાં પ્રવેશે છે!
એ લક્ષ્યગામી ભૂમિકાઓ, શી એક એકથી સૂક્ષ્મ છે!
—જે ફલિત થઈ ચૈતન્યને, 'અનુભવ'માં ઉતારે છે!

— રતિલાલ ભાવસાર



# ગંગાસતીના જીવનના પ્રેરક પ્રસંગો

અધ્યાત્મ પ્રેમી

સૌરાષ્ટ્રમાં ધોળા જંકશન પાસે સમઢિયાળા નામે નાનું ગામ છે. ત્યાં રામસંગજી નામે ગોહેલ રજપૂત રહેતા હતા. તેમનાં સ્ત્રી બાજીબા પતિપરાયણ, ઘરરખુ સન્નારી હતાં. ઘેર ગાયો, ભેંસો, ચાર સાંતીનો ગરાસ અને રામસંગજી ગામના મુખી એટલે આજુબાજુમાં તેમની શાખ ઊંચી હતી. ઘેર મહેમાનો હોય જ. સ્વભાવે ઉદાર, સાધુ સેવી, વિશ્વાસુ, કોઈ સાથે કદી પણ મનદુઃખ ઊભું ન કરવાના સ્વભાવના હતા. પરાઈ હાનિમાં આનંદ અને પરહિતમાં દુઃખ આ દુષ્ટોનો સ્વભાવ હોય છે. તે મુજબ રામસંગજીના પણ થોડા દ્વેષી ગામમાં હતા.

એક દિવસ તેમનાં પત્ની બાજીબા, કુટુંબમાં વિવાહ પ્રસંગે ગયાં. ત્યાં એક તેજોદ્વેષી બાઈએ ટકોર કરી. 'મુખી! સુખી તો ખરા, પણ ભગવાને શેર માટીની ખોટ રાખી. સંતાન વના જીવન તે કાંઈ જીવન છે? ચાર પૂછડાં ઘેર હોય એથી થોડું જ ઘર દીપે કે શાખ આવી વધે?' બાજીબાને દુઃખ થયું, ઘેર આવી મુખીને વાત કરી. રામસંગે ઘરવાળાંને 'હરિ ઈચ્છા ભાવિ બળવાન' કહી સાંત્વન આપ્યું.

આ અરસામાં ગામને પાદર સંતોની જમાત આવી. મુખીએ તેમની તન–મન–ધનથી સેવા કરી. મહાત્માઓની કૃપા મેળવી. પ્રભુકૃપા કે મહાત્માઓનો આશીર્વાદ ગમે તે, પણ રામસંગજીને ત્યાં પુત્ર જન્મ થયો. સ્નેહીઓ રાજી થયા. તેનું નામ કહળુભા

પાડવામાં આવ્યું. દીકરાના જન્મ પછી રામસંગજીના હૃદયમાં ભક્તિ પ્રત્યેનો ઝોક વધ્યો. પુત્ર વયમાં આવતાં ગંગાબાઇ નામે સુશીલ કન્યા સાથે તેનાં લગ્ન કરવામાં આવ્યાં.

ગંગાબાઇ વાઘેલા રજપૂતની દીકરી હતાં. માતાપિતા સાધુ-પ્રેમી, સદાચારી ભક્ત હતાં. તેમને ત્યાં સંતમહાત્માઓના ઉતારા અને રાતદહાડો ભજનની ધૂન મચી રહેતી. બાઇ ઉંમરમાં આવતાં તેને મંત્રદીક્ષા આપવામાં આવી. નાની ઉંમરથી જ ભક્તિ તરફનો ઝોક હોવાથી વયમાં આવતાં ઉત્તમ સાધના સાધી શકાઇ. ગંગા-બાઇએ સાસરે આવ્યા પછી કહળસંગને પણ રંગ લગાડયો. પતિ–પત્ની બંને એક જ રંગે રંગાયાં.

ગંગાબાઇને સાસરે આવ્યા પછી ટૂંક સમયમાં જ સાસુજી અને રામસંગજી થોડી બીમારી ભોગવી પરલોકવાસી થયાં. વડીલોની આડ જતાં ગંગાબાઇનાં ઘર સાધુ–સંતો અને ભૂખ્યાં દીનદુખિયાં માટે સર્વદા ખુલ્લાં મુકાયાં. ભક્તો–ભજનિકોનો તો જાણે મેળો. સમય જતાં ભગવાને ગંગાબાઇને એક પુત્ર આપ્યો.

એકવાર વીસેક સંતોની મંડળી સમઢિયાળા આવી પહોંચી. ગામને પાદર આવી ઊતરવા માટે કોઇ ભક્તના ઘર માટે પૂછ-પરછ કરતાં સહુએ કહળુભાનું ઘર બતાવ્યું.

દૂરથી સંતોને આવતા જોઇ ગંગાબાઇના હૈયાનો હર્ષ ઉભરાયો. સામે જઇ ચરણરજ લઇ તમામ માટે આસનો કરી આપ્યાં. ગંગાબાઇ અને કહળુભાનો એકાદ અતિથિ સંતભક્તને જમાડીને જ જમવાનો નિયમ હતો. જો કોઇ દિવસ ન મળે તો તે દિવસે ઉપવાસ થાય.

આજે ગંગાબાઇનો એકનો એક દીકરો બીમાર હતો.



બીમારી જીવલેણ હતી. સગાંસંબંધીઓ જોવા આવતાં હતાં.

'ભંડારી! સંતો પધાર્યા છે અને ઘરમાં આ સ્થિતિ છે. કેમ કરીશું?' કહળુભાએ કચવાતા હૈયે વાત કરી.

'શું કરવાનું હતું?' ગંગાબાઇ બોલ્યાં, 'ભગત! ભગવાનનો ભરૂસો કરો. અલખ ધણી બધુંય સુધારશે. આવ્યાને આદર દેતાં પંડના પોટાને (પુત્રને) યાદ કરાય નહિ. બાકી રે'વા સરજ્યાંને કાળ કોઇ લઇ જનાર નથી અને જનારને કોઇ રાખનાર નથી. (પુત્ર મરણ પથારીએ પડયો હોય તો કઇ મા આટલી સમતા રાખી શકે?) પ્રભુએ સમે હાથે દીકરો આપ્યો હશે તો કશુંય થવાનું નથી. માટે તમે તમારું કામ કરો."

દીકરાને ઝૂલામાં રામભરોસે મૂકી પતિ–પત્ની સંતોની સેવામાં લાગી ગયાં. તેમને ગરમ પાણીએ નવડાવ્યા, ઉત્તમ રસોઇ કરીને જમાડયા, દીકરો બીમાર છે એ વાત તેઓ ભૂલી જ ગયાં. કોઇ કોઇ સંબંધીઓ જોવા આવે અને આ ગાંડાઓને કહે પણ ખરાં 'ભા, ભાઇને મંદવાડ વધતો જાય છે, જરાક ધ્યાન રાખતા જાઓ. જુઓ, સાધુતો બીજાય આવશે. આવા ઓટીવાળ માટે દીકરા જેવો દીકરો ખોઇ બેસવા જેવું થાશે. ભાઇને ઠીક થાય પછી સાધુનો મેળો ભરજો ને!'

ગંગાબાઇ નીચે મોઢે સાંભળી રહેતાં. 'સારું બા, તમે કહેશો તેમ કરીશું.' આમ કહી કહેનારને સંતોષ આપતાં. પોતે તો સંત સેવામાં જ જોડાઇ રહેતાં.

સંતોને પાંચેક દિવસ રોકતાં દીકરાની બીમારી છેડા પર પહોંચી. દીકરાના આખરના શ્વાસ જોઇ કહળુભા બોલ્યા, 'આજે

આરામ થાય તેવાં એકે લક્ષણ દેખાતાં નથી. સંતોને રજા આપીશું?'

આ સાંભળી ગંગાબાઈ બોલ્યાં, 'ભગત! થાકી ગયા? સંત સેવાના નામ પર એક નહિ આવા અનેક દીકરા ઓળઘોળ કરવા પડે છે, સમજ્યા? સમન ભગતે દીકરાનાં માથાં કાપ્યાં, સગાળ-શાહે ખાંડયાં, આ બધાનાં અમથાં જ ભજનો ગાઓ છો? ભક્તિ તો ખાંડોનો ખેલ છે. સંતો કહે છે "સા પરાનુરક્તિઃ ઈશ્વરે" ભગવાનમાં, પરમ પ્રેમ તે જ ભક્તિ. દીકરા પરના પરમ પ્રેમથી ભક્તિ કેમ થાય? (કેવો અનાસક્તભાવ!)

'દેવી! પણ લોકો કહેશે કે સાધુ પાછળ ગાંડા થઈ દીકરો ખોયો.' 'ભલે કહેનાર કહેતા રહે. મને તો ધણીના નામની ધારણા છે. ઊના વા વાશે નહીં. આવી સામાન્ય વહેવારની વાતોમાં અટવાઈ સાચા અભ્યાગતની સેવા મૂકીએ તો ભજન કર્યું પાણીમાં જાય ભગતજી! દીકરા ઉછેરવા એ દેહ ધર્યાનું ફળ નથી. છતાં વિશ્વાસ ન આવતો હોય તો સંતોનાં ચરણ ધોઈ ચરણામૃત પાઓ. ભાઈ સાજો થઈ જશે, જરૂર થઈ જશે. મને પાકો ભરૂસો છે.' (ભગવાનમાં આટલી અટલ શ્રદ્ધા હોય તો ભગવાન મદદ કરે જ.)

> વિપદ પડે પણ વણસે નહિ,
> ઈતો હરિજનનાં પરમાણ રે.
> લાગ્યા ભાગ્યાની ભે રહે મનમાં,
> ત્યાં લગી ભક્તિ ન થાય રે.

કહળુભાએ સંતોના ચરણો ધોઈ બીમાર બાળકને ચરણામૃત પાતાં આરામ દેખાવા લાગ્યો. સંધ્યા થતાં થતાંમાં તો સાવ નિરાંત



દેખાવા લાગી. કહળુભાને ત્યારથી પાકો ભરૂસો (ભરોસો) બેઠો. રહીસહી શંકા નિર્મૂળ થતાં ભક્તિનો સાચો રંગ તનમનમાં દેખાવા લાગ્યો. સમય જતાં દીકરો યુવાન થયો. તેને તેના મામાને ત્યાં ફૂલબાઈ નામે કન્યા સાથે વ્યવહારુ રીતે પરણાવ્યો. કહળુભા અને ગંગાબાઈની ઉંમર પાકવા આવી. સાથે ભક્તિ પણ સંપૂર્ણ પરિપક્વ થઈ. પરમ વિશ્વાસુ પતિપત્ની વ્યવહારના ભાર પુત્ર અને વહુ પર નાખી ભારમુક્ત થયાં.

એક દિવસ કોઈ ભક્તે ગામમાંથી સંતોને રસોઈ આપી. ખેંચ કરી ભગતને પણ સાથે લીધા. વાજતે ગાજતે સંતમંડળ જમવા નીકળ્યું. આ વખતે રસ્તામાં એક મરેલી ગાય પડેલી હતી. સામે ચોરા પર થોડાક ગોહિલો બેઠા હતા. તેમને ભગતની રીતભાત ગમતી ન હતી. આજ સમય ઠીક મળ્યો જાણી ચોરા પરથી એક ભાઈ બોલ્યો.

'ભગત, જમવા જશો?'

'હા ભાઈ, ઘરધણીનો ઘણો આગ્રહ એટલે ના કહેવાઈ નહીં.'

'વાહ વાહ, હોય જ ને ભા, તમ જેવા ભગતને જમાડયા એ તો લાણ છે ને. પણ આ ગાય મરેલી પડી છે અને ભગત થઈને જશો? આટલા સાધુ અને તમ જેવા ભગત ભલા ગાયને જીવતી નહીં કરો?'

બીજો બોલ્યો, 'અનુભા, તમેય મારા ભાઈ ઉતાવળા ભારી છો. કેમ જાણ્યું કે ગાયને જીવતી નહીં કરે?' ગામના લાડવા તે કાંઈ અમથા નથી ખાતા. આખી રાત સૂવા દેતા નથી એનો તો કાંઈક લાભ આપશે ને?

કહળુભાએ આ સાંભળ્યું. તેણે ભક્તિ અને ભજનની અવહેલના થતી જોઇ. 'મહાત્માજી, આપ પધારો. હું હાલ જ નાહીને આવું છું.' આમ કહીને સહુને રવાના કરી ઘેર આવ્યા અને ગંગાબાઇને તમામ વાત કરી.

'હશે ભગત! સાગરપેટા થાવું જોઇએ. જગતનો ધર્મ કહેવાનો છે અને આપણો સાંભળવાનો. કારણકે જેની જેવલી બુદ્ધિ હોય તેટલું તે બોલે, વધારે ક્યાં લેવા જાય? તેનાં વેણે દુભાવું ન જોઇએ.'

'પણ આતો ભક્તિ નિંદાય છે!' સ્વાભાવિક રીતે કહળુભાએ કહ્યું.

'એથી શું થયું?' ગંગાબાઇ બોલ્યાં, 'મીરાંના ભજન તો નત નત ગાઓ છો.

ઊભી રે બજારે હાથી હાલ્યો જાય રાણા,<br>
શ્વાન ભસે એથી મારું શું જાય?<br>
મારું ચિત્તડું ચોરાયેલ, મારું મનડું વીંધાયેલ રાણા!<br>
કોડીલા કાનથી રે.

છતાં ધણીના નામની ધજાને અણનમ રાખવી હોય તો જાઓ અને સંતોનાં ચરણામૃત માતાના અંગે છાંટો. દીનાનાથ બાનાની પત રાખશે, ધણી અમથા ધાર્યા નથી.'

કહળુભા નાહીને પેલા ગૃહસ્થને ત્યાં ગયા અને તમામ સંતોના પગ ધોઇ ચરણામૃત લાવી ગાયના અંગ ઉપર છાંટતાં બોલ્યા 'મા, આજ મારી લાજ તારા હાથમાં છે. જો મેં ખરા ભાવથી અલખને આરાધ્યા હોય, ભેદ વિનાની ભક્તિ કરી હોય



તો જગતને જીવન આપનાર માડી ઊઠજે અને બોલનારનાં મોં બંધ કરજે.'

આમ કહેતાં જ ગાયમાં નવચેતના આવતી જણાવા લાગી. અને ત્રણ–ચાર કલાક થયાં મરેલી ગાય ઊભી થઇ ચાલતી થઇ. ચોરા પર મહર (મશ્કરી) કરનાર દરબારોનાં મોં કાળાંમેંશ થઇ ગયાં. તેઓ ઊઠી કહળુભાના પગમાં પડયા અને બોલ્યા, 'ભગત! અમને ક્ષમા કરો, અમારી ભૂલ થઇ, તમને દાઢમાંથી વેણ કહ્યાં!'

'ભાઇ, એમાં શું? તમોએ નાણ્યું, ગમ્યું તેવું કહ્યું' આમ કહી સંતોની પ્રસાદી લઇ ઘેર આવી બાટણામાં જ ઊભા રહ્યા. 'કેમ ભગતજી! ફળીમાં આવોને!' ગંગાબાઇ બોલ્યાં.

'સતી! મારે નાથે એક વાર તો લાજ રાખી, ફરી ફરી એને કામ ચિંધાય નહીં. ગાય જીવાડવાની વાત વાયુ વેગે સોરઠમાં ફેલાતાં ટોળેટોળાં સમઢિયાળાના પાદરમાં ઊતરી પડવાનાં. માટે બધાયનાં આંસુ કિયા બળ પર લૂછવાં અને ગેબના ધણીને વારંવાર કેમ કહેવાય? માટે સમાધિમાં જ બેસી જવા ધારણા રાખી ઊભો છું. સમાધિ ગળાવો અને સંતોને કો' અલખ ધણીને આરાધે.

'ડૂબતાં નાવડાં કહળુભાના તારે...'

'વાહ, વાહ ઠીક જ વિચાર કર્યો છે. કળિકાળમાં જેટલું વે'લું જવાય તેટલું સારું છે. (જે સાંસારિક જીવ કે જેનો જન્મ ગામડામાં થયો, જેનું જીવન નાનાં એવા ગામડામાં વ્યતિત થયું, જેને કોઇ શિક્ષણ મળ્યું નથી. ત્યાં વિશાળ વાંચનની તો વાત જ ક્યાં રહી? એવી એક ગામડાંની સ્રી પોતાનાં પતિને જીવતા સમાધિ લેવા પ્રેરે તેનું જીવન કેટલું નિર્મોહી હશે? સંસારમાં

રહીને પણ કેવો અનાસક્ત ભાવ!) હુંયે આવું છું, સાથ વિના તમોને એકલાને જવા દેવાય?

'ના, ના તમારું કામ નથી, આ તો બરાબરીના ખેલ છે. સમાતના કાંઠે બેસીને પ્રાણ મૂકવાની વાત છે. જીવતાં પરાણે દટાવું નથી. મારું માની રહી જાઓ, ટાણાં પાકે ત્યારે આવજો.'

'ભગત! આવા ઢીલા વેણે ધરતી લાજી મરે છે. મહા-મારગનો ભોમિયો આવો કેદુકનો કાયર થિયો? જનેતા લાજે છે, સંતનો સહવાસ શરમાય છે. તમ પે'લા મારાં પરિયાણ જોઈએ. ઘરવાળા વિના ઘર કોણ સાચવશે?' ગંગાબાઈ બોલ્યાં.

'માઠું લગાડશો મા. હું તમોને કાયમને માટે ઘેર રહેવાનું કહેતો નથી પણ પાનબાઈ (આગળ ફૂલબાઈ નામનો ઉલ્લેખ છે પરંતુ સાસરિયામાં કન્યાને પિયરનાં નામને બદલે નવું નામ ઘણાં આપે છે. તેમ ફૂલબાઈને લગ્ન પછી પાનબાઈ નામ આપ્યું હોય) હજુ નાનાં છે. તેને ભક્તિની રીત સમજાવીને આવો, નહિતર ઘરનો ધરમ જાશે. આપણે બેઉ સાથે જઈશું તો તેમને સંત-સેવાની ભાવના કોણ બતાવશે? મારું માની પાનબાઈ બરાબર તૈયાર થાય ત્યારે આવજો. ઘરજોગ થાંભલી નહીં હોય તો ઘર વગોવાશે. જાયો તો જોગંધર જેવો છે.' (દીકરો તો જોગી જેવો છે.)

સમાધિ ખોદાવા લાગી. દીકરો ખોદવા લાગ્યો અને સાસુ વહુ માટી દૂર કરતાં ભજન ગાવા લાગ્યાં.

મેરુ તો ડગે જેનાં મન નો ડગે
ભલેને ભાંગી રે પડે ભરમાંડ રે...



ગંગાસતીએ ફક્ત (૩૭) સાડત્રીશ ભજન દ્વારા પાનબાઈને ઘડેલ છે. સાચું પ્રભુપરાયણ માર્ગે જીવન જીવવાનો બોધ આપેલ છે. તેઓ કોઈ શાળા કે કોલેજમાં ભણવા ગયાં નહોતાં. કે ભજન લખવા માટે પિંગળ શાસ્ત્રનો અભ્યાસ કર્યો નહોતો. કદાચ તદ્દન અભણ જ હશે. પરંતુ આત્મસ્ફૂરણાથી તેઓએ જે ભજનો લખ્યાં છે તેમાં ઉંચ તત્ત્વજ્ઞાન જણાય છે. ગહન શાસ્ત્રોનો નિચોડ જોવા મળે છે. અમદાવાદ, રાજકોટ આકાશવાણી ઉપર સવારનાં ભજનોના કાર્યક્રમમાં બીજે–ત્રીજે દિવસે ગંગાસતીનું એકાદ ભજન આવ્યું જ હોય. તેમનાં ભજનોની આગલી કેટલીક કડી નીચે આપેલ છે.

શીલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઈ!
જેનાં બદલે નહિ વર્તમાન રે...

* * *

વચન વિવેકી જે નરનારી પાનબાઈ,
તેને બ્રહ્માદિક લાગે પાય.

* * *

જુગતી તમે જાણી લેજો પાનબાઈ!
મેળવો વચનનો એકતાર.

* * *

અચળ વચન કોઈ દી ચળે નહિ રે,
તેતો અહોકાળ ગાળે ભલે વનમાં,
સત્ ગુરુ સાનમાં પરિપૂરણ સમજ્યા
તેને અહંભાવ આવે નહિ મનમાં.

* * *

ભગતી હરિની પદમણી પ્રેમદા પાનબાઇ !
રહે છે હરિની જોગી પાસ,
ભક્તિ ક્યારે ઉરમાં આવે
જ્યારે થાય સદ્‌ગુરુની દાસ...રે

* * *

રમીએ તો રંગમાં રમીએ પાનબાઇ
મેલી દઇ આ લોકની મરજાદ...રે

* * *

સતગુરુના વચનમાં થાય અધિકારી
મેલી દો અંતરનું માન રે...
આળસ મેલીને આવો મેદાનમાં...ને
સમજો સતગુરુજીની સાન.

* * *

ઝીલવો હોય તો રસ ઝીલી લેજો પાનબાઇ !
પછી પસ્તાવો થાશે.
માનરે મેલ્યા પછી રસ તમને મળશે પાનબાઇ;
જુઓને વિચારી તમે મનમાં.

* * *

ગુપત રસ આ તો જાણી લેજો પાનબાઇ !
જેથી જાણવું રહે નહિ કાંય.

* * *

વીણવો હોય તો રસ વીણી લેજો પાનબાઇ !
હવે આવ્યો બરાબર વખત.

* * *



માણવો હોય તો રસ માણી લેજો પાનબાઇ !
હવે આવી ચૂક્યો પિયાલો.

* * *

પરિપૂરણ સત્સંગ હવે તમને કરાવું ને
આપું જોને નિરમળ જ્ઞાન રે.

* * *

મનને સ્થિર કરી આવો રે મેદાનમાં ને
મિટાવું સરવે ક્લેશ રે.

* * *

કાળધર્મ ને સ્વભાવને જીતવોને
રાખવો નહિ અંતરમાં કરોધ રે.

* * *

સરળ ચિત્ત રાખી નિરમળ રે'વું ને
આણવું નહિ અંતરમાં અભિમાન રે.
પ્રાણીમાત્રમાં સમદૃષ્ટિ રાખવી ને
અભ્યાસે જીતવો અપાન રે.

* * *

યોગી થવું હોય તો સંકલ્પને ત્યાગોને
આદરો તમે અભિયાસ રે.

* * *

ધ્યાન ધારણા કાયમ રાખવીને
કાયમ કરવો અભ્યાસ રે...

* * *

અભિયાસ જાગ્યા પછી બહુ ભમવું નહિને
રે'વું ભેદવાદીની સાથ રે,
કાયમ રે'વું એકાંતમાં ને
માથે સત્ગુરુજીનો હાથ રે...

* * *

ભવ ને શિવની થઇ ગઇ એકતા ને
પછી કહેવું રહ્યું નથી કાંઇ રે...

* * *

સ્થિરતાએ રહેજો ને વચનુંમાં ચાલજોને
રાખજો રૂડી રીત રે,
અજાણ્યા સાથે વાત નવ કરજો ને
જેનું મન સદા વિપરીત રે.

* * *

(સસ્તુ સાહિત્યનાં 'સતી ગંગાબાઇ'માંથી)

**સુવાક્ય**

ભક્ત અથવા સાધક અમુક અવસ્થા પર પહોંચે છે અને પ્રકાશની પ્રાપ્તિને માટે પાત્ર બને છે ત્યારે એના આરાધ્ય દેવ પોતે જ ગુરુના રૂપે પ્રકટ થઇને એને દોરવણી આપે છે, અને ઉત્તરોત્તર આગળ વધારે છે. ગુરુ એટલો સંદેશ સંભળાવવા માટે આવે છે કે 'ઈશ્વર તારી પોતાની અંદર છે. એટલા માટે અંદર દિલની દુનિયામાં ડૂબકી મારીને એમનો સાક્ષાત્કાર કરી લે.' ઈશ્વર, ગુરુ અને આત્મા એક જ છે.



# સદ્‌ભાવભરી ભેટ (ચાલુ)

૫૦ શ્રી હસુબેન વી. જોષી, વડોદરા.
૧૦૧ શ્રી ઈશ્વરભાઇ આર. ભક્ત, કામરેજ.
૧૧ શ્રી ભરતકુમાર ગોકળદાસ શાહના જન્મદિન નિમિત્તે હા. કાન્તાબેન શાહ.
૧૦ શ્રી ધીરુભાઇ શાહ, મુંબઇ.
૧૦૦ શ્રીમતી જયમતી કોઠારી, મુંબઇ.
૧૨૫ શ્રી છગનલાલ ત્રિભોવનદાસ સોરઠિયા, પૂ. શ્રી યોગેશ્વરજીના જન્મદિન નિમિત્તે તથા અન્ય કારણોસર.
૨૧ શ્રી રીટા મુકુન્દરાય સોરઠિયા, સુરત.
૨૧ શ્રી દીલિપભાઇ એન. ગજ્જર, સુરત–દીપિકાબેનને સુખદ રીતે બેબીના મંગલ પ્રાકટ્ય નિમિત્તે.
૧૦૧ શ્રી ચંદ્રસેન મુલજી કતીરા, વાપી.
૧૦૧ શ્રી મગનભાઇ પટેલ, સતકુવા–એમ. એસ. સી.ની ડીગ્રી મળતાં.
૨૧ શ્રી પ્રિયંકાબેન એમ. પટેલ ધોરણ દસમાં સારા માર્કસથી પાસ થવાથી.
૨૨ શ્રી કે. એમ. ભટ્ટ, મોરબી.
૧૧ શ્રી દિગીશકુમાર કે. ભટ્ટ, મોરબી.
૧૧ શ્રી હંસાબેન એચ. સોનપાલ, મુંબઇ.
૨૧ શ્રીમતી સુશીલાબેન ઠાકર, તરફથી કુ. યોગિની, પલક તથા કાલિન્દીની વર્ષગાંઠ નિમિત્તે.

૧૦૧ ડૉ. રમેશ ગુપ્તા, બારડોલી.
૧૦૧ હિમ્મત એન્ટરપ્રાઇઝ, બીકાનેર–હિમટ્રીલની શરૂઆત પ્રસંગે.
૫૧ શ્રી વિવેકભાઇ રામભાઇ પટેલ, કેસલી.
૧૦૧ શ્રી કાન્તિભાઇ પટેલ, મોરબી–દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે.
૫૧ શ્રીમતી પ્રભાબેન મયારામ રાઠી, મોરબી–યાત્રા સફળ થતાં.
૫૧ શ્રી સુખલાલભાઇ રણછોડભાઇ પૂજારા, મોરબી–ધ્યાન-કેન્દ્રનું નવા સ્થાનમાં ઉદ્‌ઘાટનના શુભપ્રસંગે.
૧૧ શ્રી માણેકબેન વિનોદરાય નાગર, મોરબી.
૫૧ શ્રી અશ્વિનભાઇ ચંદુભાઇ ટેલર, નવા મકાનની બાબતે માનતા પૂર્ણ થતાં.
૩૦૮ શ્રી નિલેશકુમાર એસ. ભક્ત, કપૂરા–ચાંદનીના જન્મદિન નિમિત્તે.
૨૧ શ્રી હેમલતાબેન મુલજીભાઇ, વાપી.
૧૧ દામોદરભાઇ ત્રિ. ગોહિલ, વઢવાણ–સ્વ. પિતાશ્રી ત્રિભુવનદાસની પુણ્ય સ્મૃતિમાં.
૧૦૧ સ્વ. નવીનચંદ્ર મનોરદાસ પારેખ, ભાવનગર–આસો સુદ ૨ ના જન્મદિન નિમિત્તે હા. પ્રીતમભાઇ નવીનચંદ્ર પારેખ.
૫૧ શ્રી હિમ્મતભાઇ મોતીભાઇ મહેતા, ગોરેગાંવ, મુંબઇ.
૧૧ શ્રી લલિતાબેન હિ. મહેતા, ગોરેગાંવ, મુંબઇ.
૧૦૧ પુત્રી નયનાબેન નરસિંહકુમારના પુત્ર જૈમિનીના જન્મદિન નિમિત્તે.
૧૧૧ શ્રી રમેશભાઇ પટેલ, સુરત.



૧૨૧ શ્રી મા–પ્રભુના એક ભક્ત તરફથી
૨૫ શ્રી ભીખાભાઇ એસ. ભાવસાર પાદરા–શ્રી એસ. કે. ટેક્ષસ્ટાઇલ નવી દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે.
૧૦૧ શ્રી વિજયસિંહજી રાણા, વડોદરા–પૂ. શ્રીના જન્મદિને ગુરુપૂજન નિમિત્તે.
૨૫ શ્રી ઇન્દ્રજીત વિ. રાણા, વડોદરા–પરીક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ.
૧૦૧ વિનુભાઇ છ. અમીન, વડોદરા–નવા મકાનમાં રહેઠાણ બદલતાં.
૨૫૦ પૂ. શ્રી દવે બાપુ, અગાસી માતા, બારડોલી.
૩૨ શ્રી પદ્માબેન પ્રતાપભાઇ ત્રિવેદી, ભાવનગર–ચિ. દીપકના જન્મદિન નિમિત્તે.
સહુને અભિનંદન.

**વિદેશના ગ્રાહકો તરફથી**

૭૩૫ શ્રી દિનેશભાઇ પટેલ, લેસ્ટર.
૬૪૫ ચિ. જીતેન્દ્રને યુનિવરસીટીમાં પ્રવેશ મળી જતાં, હા. મોહનભાઇ પટેલ.
૯૦૦ બોલ્ટન, યુ. કે.ના દસ ગ્રાહકો તરફથી.
૨૧૫ શ્રી ભગુભાઇ સી. પટેલ, બોલ્ટન–ચિ. સંજયના લગ્ન નિમિત્તે.
૮૬ શ્રી શાન્તાબેન બી. પટેલ, બોલ્ટન–હેમાબેનને શુભ આશીષ માટે.
૨૧૫ શ્રીમતી ધનુબેન રાબડિયા, બોલ્ટન.
૧૩૩ શ્રી જી. ડી. પટેલ, યુ. કે.
(આ બધી સહાય હસ્તે શ્રી મોહનભાઇ પટેલ, બોલ્ટન.)

# ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીનું સ્થાન

પ્રા. ચંદ્રકાન્ત એચ. જોષી (ભૂગોળ વિભાગ)

(૧૯૭૫ ના જાન્યુ. માં રાજકોટની માતુશ્રી વીરબાઇ મહિલા કોલેજમાં કન્યાઓ સમક્ષ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ આપેલ વક્તવ્યનો સંક્ષિપ્ત સારભાગ)

ભારતીય સ્ત્રીનું સ્થાન ખૂબ જ નીચું અને મર્યાદિત ગણવામાં આવતું હતું. શિક્ષિતવર્ગમાં પણ તેના સ્થાન વિષેનો સાચો ખ્યાલ ન હતો. ઘરમાં માત્ર રસોડાની રાણી તરીકે જ તેને સ્થાન મળે છે. પુરુષોમાં અને શિક્ષિતવર્ગમાં ક્ષીર-નીરનો ન્યાય કરવાની, તથ્યો પારખવાની કે કોઇ પણ વસ્તુના હાર્દમાં જવાની વૃત્તિનો અભાવ હતો, ભારતનાં પુરાણો વગેરેમાં તેનું સ્થાન શું હતું તે પ્રતિપાદિત થાય છે. રાજકીય, સામાજિક, સાહિત્યીક વગેરે દૃષ્ટિએ તેને શકવર્તી સ્થાન મળેલું. હવે તેના સ્થાન વિષેની કપોલકલ્પિત ધારણાઓ કે ભ્રાંતિઓને દૂર કરવાની છે. તે માત્ર ભોગનું જ સાધન નથી. મનુ ભગવાને મનુસ્મૃતિમાં "યત્ર નાર્યોસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા"નો વિચાર મૂક્યો.

ખરેખર, જે સમાજ કે રાષ્ટ્રમાં સ્ત્રીની અવહેલના કે ઉપેક્ષા થાય છે ત્યાં વિકાસની સમુન્નતિની બધી સાધના, બધા કાર્યક્રમો, યોજનાઓ, વિચારસરણિ એ બધું નિષ્ફળ જાય છે. આ વસ્તુ કદાચ જો રસ્કીને કહી હોત તો તેનો પ્રચાર થાત. શ્રી રસ્કીન પહેલાં હજારો વરસે ભારતમાં આ ઘોષણા થયેલ. દેશની સમુન્નતિ માટે સ્ત્રીવર્ગની સમુન્નિતિ કરવી પડશે. આપણા



મનુભગવાનની વિચારધારા તો રસ્કીન અને ટોલ્સટોયથી પણ એક ડગલું આગળ વધે છે સ્ત્રીમાં રહેલી દિવ્યતાનું આપણે દર્શન કરવાનું છે. ભારત સિવાય વિશ્વના બીજા કોઇ દેશે આ વસ્તુ ધ્યાનમાં નથી રાખી. બધા રાષ્ટ્રોયે તેને માત્ર ભોગ્ય જ ગણી છે એટલે કે 'शयनेषु रम्भा' જ ગણી છે. આપણે ત્યાં તો પરામર્શ કરનારી મંત્રી પણ તેને જ ગણવામાં આવી છે. સ્ત્રીઓ પ્રત્યેની ભારતવર્ષની દૃષ્ટિ કામુક નહિ, પણ દિવ્ય અને પૂજ્ય રહી છે. એક મહાદેવી, જગન્માતાનાં પ્રતીક તરીકે ભારતે સ્ત્રીની ગણત્રી કરી છે. દુનિયાનાં કોઇ રાષ્ટ્ર કે સાહિત્યમાં સ્ત્રીને આટલું મહત્ત્વ આપવામાં નથી આવ્યું.

આપણે તેને "कार्येषु मंत्री, करणेषु दासी, भोज्येषु माता, शयनेषु रम्भो" એમ સમાન મહત્ત્વ તો આપ્યું જ છે. પરંતુ તેથી પણ આગળ વધીને એવી ભાવના પણ ગાઇ છે કે 'या देवी सर्व भुतेषु शक्तिरुपेण संस्थिता: नमस्तस्मै नम: तस्मै नमो नम: ।' આવી મહાન ભાવનાથી આપણે સ્ત્રીને બીરદાવતા આવ્યા છીએ. માર્કણ્ડેય પુરાણમાં સ્ત્રીને એક ચંડી તરીકે, દુર્ગા તરીકે, સમસતીમાં કાલી, જગદબા વગેરેને વિવિધ સ્વરૂપોમાં મૂર્ત કરાઇ છે. પુરુષે સ્ત્રીનાં દર્શન દ્વારા પોતાની દિવ્યતા પણ પ્રગટ કરવી, આવી ઉદાત્ત ભાવના ભારતમાં મૂર્તિમંત થઇ છે.

પ્રાચીન સમયની આપણી પૌરાણિક અને વૈદિક કથાઓ દ્વારા સ્ત્રીનું સ્થાન જાણી શકાય છે. દા. ત. જેમ પુરુષ ઋષિઓ હતા તેમ સ્ત્રી ઋષિઓ પણ હતી. ઉપનિષદકાળમાં પણ ઋષિ-પત્નીની વાતો વણાયેલી છે સ્ત્રી ઋષિની સંગીની કે સહધર્મ-ચારિણી તરીકે વર્તતી હતી. પછી આવે છે દર્શનશાસ્ત્રનો કાળ તેમાં

પણ એટલું જ ઉન્નત સ્થાન તેણે ભોગવેલું છે. ત્યારબાદ ભારતીય સંસ્કૃતિના પુણ્યશીલ પ્રવાહમાં રામાયણકાળ આવે છે. ગાયત્રીનો મહિમા પણ આવે છે. સ્ત્રી શક્તિનું એ દ્વારા દર્શન કરીને બુદ્ધિને સ્વચ્છ અને નિર્મળ બનાવવાની ઉપાસનાનો પણ આદેશ થયો છે. આવા ઉપાસના કાર્યમાં પુરુષોની સાથે સ્ત્રીઓ પણ જોડાતી, એટલું જ નહિ પરંતુ પુરુષોની જેમ યજ્ઞોપવિત પણ ધારણ કરતી તેથી સ્ત્રીઓ માટે પણ આવી વિધિઓનો રિવાજ હતો. ટંકારાના સ્વામી દયાનંદ સરસ્વતી આવી પ્રથાના હિમાયતી હતા. ગાયત્રીમંત્રની દીક્ષાની સાથે સંધ્યાવંદના વગેરે પણ સ્ત્રીઓ માટે શરૂ થયેલાં.

રામાયણમાં સ્ત્રીવર્ગ માત્ર રાજકારણમાં જ નહિ, પરંતુ યુદ્ધમાં પણ ભાગ લેતી. દશરથ રાજાના રથમાં બેસીને રાણી કૈકેયી પણ યુદ્ધમેદાને જોડાયેલ હતી અને તેમાં જ ચક્રમાં આંગળી રાખી, બે વરદાન માંગ્યાં. એ વાત ગૂંથાયેલ છે. યજ્ઞો-પવિત, શ્રાદ્ધ, લગ્ન વગેરે દરેક ધાર્મિક ક્રિયાઓમાં સ્ત્રીની ઉપસ્થિતિને અત્યંત આવશ્યક ગણી છે. સ્ત્રી વગર એ વિધિ પૂરી ન ગણાય અને લગ્ન તો પુરુષ અને સ્ત્રી સાથે મળે ત્યારે જ પૂર્ણ થાય છે!

સીતાજી વનમાં હતાં અને રામે યજ્ઞ કર્યો પણ યજ્ઞની પૂર્ણતા માટે સીતાની સુવર્ણ પ્રતિમા બનાવીને સ્થાપિત કરેલી. તેથી જ આજે નામ બોલતી વખતે સ્ત્રીનું સ્થાન આગળ પડતું હોવાથી જ પહેલાં સ્ત્રીનું અને પછી પુરુષનું નામ બોલ્યા છે. 'સીતારામ', 'રાધેશ્યામ', 'ઉમામહાદેવ' કે 'ઉમાશંકર' વગેરેમાં સ્ત્રીનું નામ જ પહેલાં આવે જ છેને!



રામાયણમાં બતાવ્યું છે કે લક્ષ્મણની અભિલાષા રામની સાથે વનમાં જવાની હતી. માતા સુમિત્રાએ લક્ષ્મણને પહેલાં ઉર્મિલાને વિશ્વાસમાં લેવાનું કહ્યું. આ પળ એવી હતી કે કદાચ ઉર્મિલા ના પાડે તો આખી રામાયણ બદલાઇ જાત. ઉર્મિલા લક્ષ્મણને રોકી શકતી હતી કે "રામ સાથે સીતા તેમની સેવા કરવા જાય જ છે, માટે તમે ઘેર રહીને માતા–પિતાની સેવા કરો અને મારૂં ધ્યાન રાખો." આજની સ્ત્રી પાસે તેનો પતિ રજા લેવા જાય તો સ્ત્રી કદાચ તુરત જ સંભળાવી દે કે "આટલા માટે, વનમાં જવા સારુ લગ્ન કર્યાં છે?" પરંતુ ઉર્મિલાએ ત્યાગપૂર્વકનું બલિદાન આપી દીધું! હસ્તે મોઢે સંમતિ આપી, એટલે કે તેણે ભોગ કરતાં યોગને વધુ મહત્ત્વ આપ્યું. ઉર્મિલા જાણે કે મહાન કાર્ય કરવા માટે જન્મી હતી. આ કાર્ય કરીને પણ તે પડદા પાછળ જ રહી ગઇ! કવિવર રવિન્દ્રનાથ ટાગોરે "કાવ્યોની ઉપેક્ષીત સ્ત્રીઓ"માં ઉર્મિલાને પણ ભારપૂર્વક ગણાવેલ છે. તુલસીદાસ અને વાલ્મિકી બંનેએ પોતાની રામાયણોમાં ઉર્મિલા પ્રત્યે જ આવું વલણ રાખ્યું છે. હિન્દીમાં કવિ શ્રી મૈથીલીશરણે પણ તેનો ઉલ્લેખ કર્યો છે.

મંદોદરી એ પણ એક મહાન સન્નારી હતી. સીતાનું હરણ કરીને રાવણ તેમને જ્યારે લંકામાં લાવ્યો ત્યારે તેમ ન કરવા માટે મંદોદરીએ રાવણને ઘણું જ સમજાવેલ.

પુરુષના અને સમાજજીવનમાં સ્ત્રી ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. સમાજમાં જ્યારે પુરુષ નિષ્ફળ જાય છે ત્યારે સ્ત્રી ઉપયોગી બને છે. માર્કણ્ડેયપુરાણમાં તેનું સરસ દૃષ્ટાંત છે. ચંડ, મુંડ, નિશુંભ અને શુમ્ભ જેવા દૈત્યો સામે જ્યારે દેવો નિષ્ફળ ગયા, ત્યારે જગદંબા યુદ્ધ માટે શસ્ત્રો લઈને નીકળી પડયાં.

શુમ્ભ રાક્ષસે કહેવડાવ્યું કે "તું કોમલાંગિની છો, લડવું એ તારું કામ નથી, તું પરિણીતા બની જા," જવાબ મળ્યો કે "લગ્ન તેની સાથે કરવાની કે જે સંગ્રામમાં સામર્થ્ય બતાવે, વિજય મેળવે. તેની સાથે હું લગ્ન કરીશ."

ભગવાન બુદ્ધની યશોધરાનું સ્થાન પણ એ રીતે તેનાં કાર્યોથી દીપી ઉઠેલ. આદ્ય શંકરાચાર્ય અને મંડનમિશ્રની શાસ્ત્રાર્થ-ની ચર્ચામાં ન્યાયાધીશ તરીકે મંડનમિશ્રાની પત્નીએ ફરજ કામ બજાવેલ. વાદવિવાદની ચર્ચામાં બંનેને પુષ્પોની માળા તેઓએ પહેરાવેલ—એમ કહીને કે "જે હારશે તેની માળા કરમાઇ જશે." મંડનમિશ્ર ચર્ચામાં હારી ગયા અને હાર કરમાઇ ગયો ત્યારે તેણીએ કહ્યું કે "મંડન મિશ્રની હજુ અર્ધી જ હાર થઇ છે. હું તેમની અર્ધાંગિની છું, તેથી મને પણ હરાવવી જોઇએ. તેણે શંકરાચાર્યને "વાત્સાયનીનાં કામશાસ્ત્ર"માંથી પ્રશ્નો પૂછ્યા. શંકરા-ચાર્યને તેનું જ્ઞાન ન હતું. ટૂંકમાં આ રીતે સ્ત્રીનું સ્થાન ઘણું ઊંચું હતું. એટલું જ નહિ એક ઉલ્લેખ એવો છે કે મંડનમિશ્રના ગામ-માં પાદરે પાણી ભરતી પનીહારીઓને મંડનમિશ્રનાં ઘરનો પતો પૂછતાં તેઓ જવાબ આપતી કે "જ્યાં જગત સત્ય છે કે અસત્ય કે મિથ્યા એની ચર્ચા ચાલતી હોય તે ઘર તેમનું" આ જવાબ પણ પનીહારીઓએ સંસ્કૃતમાં જ શ્રીમદ્ શંકરાચાર્યને આપેલો.

અલબત્ત તે સમયમાં સ્ત્રીઓ સૌંદર્ય પ્રસાધનો જરૂર વાપરતી હતી, પણ તે હમેશાં પોતાના સ્ત્રીત્વને વળગી રહેતી, વફાદાર રહેતી, તે ઘરની ઉપેક્ષા ક્યારેય ન કરતી. પહેલાં ઘરસેવા ને પછી જ સમાજસેવા હોવી જોઇએ. સમાજસેવાને નામે સ્ત્રીએ ગૃહક્ષેત્રને અન્યાય કરવો ન જોઇએ.



વિવેકાનંદની સાથે ભારતમાં આવીને સીસ્ટર—ભગિની નિવેદીતાએ આધ્યાત્મિકતા માટે કલકત્તામાં પલાંઠી વાળી હતી. ક્રિશ્ચિયનધર્મનાં પ્રચારમાં તેના પાદરીઓ તે શ્રીમંત યુવતીઓ પણ ધર્મપ્રચારનું કાર્ય કરી સેવા આપે છે. આપણી યુવતીઓએ જીવનને સદ્ગુણી, દેશપ્રેમવાળું, બનાવવું જોઇએ. સંસ્કૃતિના ગૌરવને ઊંચુ રાખવાનાં તેણે સ્વપ્નાઓ સેવવાં જોઇએ. શક્તિનો સંકલ્પ કરવો જોઇએ. શરીર, મન અને હ્રદયથી પણ તેણે શુદ્ધિ પાળવી જોઇએ. સંન્યાસી થવાની જરૂર નથી. ઘરમાં રહીને અભ્યાસ કરીને, નોકરી કરીને, સાથે જ દેશસેવા કરવાની છે. આવી શક્તિશાળી યુવતીઓ દેશમાં થઇ ગઇ છે અને અત્યારે પણ છે. મનુષ્યે શરીરની સાથે મન અને આત્માનો પણ ખ્યાલ રાખવો પડે છે. આત્માની પણ શરીરની જેમ ઇચ્છાઓ હોય જ છે.

માતાએ સન્નારી બનીને બાળકને એક આદર્શ નાગરિક—સન્નાગરિક બનાવવાનો છે. આવા સન્નાગરિકો તેણે દેશને અર્પણ કરવા જોઇએ. લોકમાન્ય તીલક, ટાગોર, શિવાજી, સુભાષ, રાનડે, વિવેકાનંદ વગેરે સર્જવા જોઇએ. તારાગણથી નહિ પણ એક ચંદ્રથી પ્રકાશ મળે છે. આવો એક આદર્શ નાગરિક આ ભ્રષ્ટાચારથી ભરેલા ભારતને તે આપી શકે તો પણ બસ છે. એ માટેનું શિક્ષણ જોઇને, એજ્યુકેશન આપણને એજ્યુકેટ કરે છે. ઉંચુ જીવન, ઉંચા વિચારો, ઉંચી ભાવનાઓ, સુંદર મગ્નનો માનવીય વ્યવહાર આવું ઘણું તેણે ઉંચા શિક્ષણમાંથી મેળવવું જોઇએ. દરેક યુગમાં સ્ત્રીને માતા તરીકેનું ઉંચું સ્થાન મળ્યું છે.

ગાંધીજીની જીવનસંગિની કસ્તુરબા તેમનાં રાજકીય જીવન-નાં પણ પ્રેરક હતાં. ગાંધીજીએ કસ્તુરબાની કામુકતા નહિ પણ

પોતાની કામુકતાને કબૂલી, ૩૫ વરસે તેમણે કસ્તુરબાને 'માતા' તરીકે સંબોધી. ઉર્મિલાની જેમ કસ્તુરબા પણ પડદા પાછળ રહી ગયાં. સ્ત્રીએ સારી માતા બનવાનો અડગ વિચાર કરવો જોઇએ. તેણે પુરુષ સમોવડી બનવું હોય કે પુરુષને સમાંતર સ્થાન મેળવવું હોય તો માત્ર નારા લગાવવાથી નહિ ચાલે, સમાજ માટે તેણે કંઇક કરી છૂટવું જોઇશે. ભારતને દેવોનો દેશ બનાવવાની તેમનામાં ભાવના જાગવી જોઇએ. અધર્મની સામે માથુ ઉંચકીને દેશનું વાતાવરણ, વાયુમંડળ શુદ્ધ કરવું જોઇએ. ગાંધીજીને ભારતનાં "આવા છલરહિત વાયુમંડળની" અપેક્ષા હતી, જે સ્ત્રીઓએ પૂરી કરવી જોઇએ. તેઓ જ તે પૂરી કરી શકે એમ છે, એમ હું માનું છું.

## પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન તા. ૧૩ નવેમ્બર છે. આ વર્ષે તે સંવત ૨૦૪૮ ના કારતક સુદ ૮ ને બુધવારે આવે છે. આ દિનની ઉજવણી માટેનું આમંત્રણ કપૂરા ગામ તરફથી શ્રી ઈશ્વરભાઇ ભક્તે આપ્યું છે. પૂ. માએ આ માટેની સંમતિ પણ આપી દીધી છે. એટલે સર્વે સાધકોને પૂ. માના જન્મદિને કપૂરા પધારવા પ્રેમપૂર્વક નિમંત્રણ છે. આની જાહેરાત આ વખતે તા. ૧૫ મી ઓગસ્ટની ઉજવણીના કાર્યક્રમમાં અમદાવાદ ખાતે કરવામાં આવી હતી.

આગલા દિવસે સાંજે પણ કપૂરા આવી શકાય.

* * *



પૂ. માના સાન્નિધ્યમાં

# મારી ભારતયાત્રા (૩)

જયંતી પટેલ, ટોરેન્ટો (કેનેડા)

હીંચકાની આજુબાજુ સુંદર મઝાના ગાદી તકીયાના શણગાર અને તેના પર ફૂલોની ડીઝાઇનવાળી મરૂન કલરની જાજમ અતિ શોભા આપતાં હતાં. હીંચકાની આજુબાજુની દિવાલો પર રંગબેરંગી ફૂલોમાં ગુલાબ, મોગરાનાં ફૂલોની સુગંધ તેના અસ્તિત્વનો ખ્યાલ આપતાં હતાં. પૂ. માના આગમનનું દૃશ્ય અનોખું હતું. પૂ. મા શાંતચિત્તે પૂ. ગુરુદેવ સહિત ધીમે ધીમે પ્રસન્નતાથી પ્રયાણ કરતાં હતાં તે વખતે હોલનાં બધા જ બાળકો પૂ. માને પચાંગ પ્રણામ કરીને પૂ. માના પ્રાગટયને આવકારીને જન્મોજન્મ પૂ. માનું સાન્નિધ્ય મળે તેવી પ્રાર્થના કરતાં હતાં. પૂ. મા હિંચકા પર બીરાજતાં હિંચકો પણ હાલી ઉઠતાં પોતાના જીવનને ધન્યતા અનુભવી રહ્યો હોય તેમ લાગતું હતું.

શ્રી ભરત ગાંધીએ પૂ. માનું પૂજન અને આરતી કરીને પૂ. માના મસ્તક પર ગુલાબ મોગરા કે ચમેલીનાં ફૂલોથી મઢેલ સુંદર મજાનો મુગટ પહેરાવ્યો.

પૂ. માના પ્રાગટયદિનના કાર્યક્રમનું સંચાલન શ્રી મોરબી નિવાસી ભોજાણીના હાથમાં સોંપ્યું. ભોજાણીભાઇની કાઠિયાવાડી વાણીની મીઠાશ અને મા-પ્રભુની શ્રદ્ધાની પ્રસંગોપાત્ વાતોમાંનો ભાવ તેમની સેવાનિષ્ઠાનાં દર્શન કરાવતાં હતાં. ઈશ્વરભાઇ પરમાર્થીનો પૂ. મા પ્રત્યેનો ભક્તિરસથી ભરપુર પ્રેમ તેમના

સ્વહસ્તે જન્મદિન નિમિત્તે રચેલ ભજનોમાં વ્યક્ત થતો હતો, પૂ. ગુરુદેવ અને પૂ. મા પરનો મુગટ અને પૂ. માની સફેદ સાડી શોભામાં અભિવૃદ્ધિ કરતાં. આ દૃશ્ય અલૌકિક હતું. શ્રદ્ધા–ભક્તિ અને સેવાનું દર્શન કરાવે તેવું હતું. મારા મનમંદિરમાં પૂ. માના પ્રાગટ્યદિનની ઝલક ઝગમગ ઝગમગ ઝમકી ઉઠી !–દિલ નાચી ઉઠયું ! મનોમન આશીર્વાદ માગ્યા. અને પ્રાર્થના કરી કે "હે મા–જયંતી ભૂલથી પણ અટવાઈ પડે તો તમારા ચરણોમાં તેના નતમસ્તકને હરહંમેશને માટે રાખવાની કૃપા કરજો જેથી તેના મુખે પૂ. માનું જ રટણ થાય, પૂ. માના જ ગુણગાન ગવાય અને જીવનને સંપૂર્ણ રીતે ધન્યતા પ્રાપ્ત થતાં જીવનને સાર્થક બનાવી શકે." માની આજ્ઞાથી જ્યારે હું બે શબ્દ બોલ્યો ત્યારે પણ અંતમાં પ્રાર્થના કરી કે હે મા–અમારામાં સદ્‌વિચારોનું સિંચન કરીને મા–પ્રભુમય જીવન પ્રદાન કરજો કે જેથી જન્મોજન્મ પૂ. માનું સાન્નિધ્ય પ્રાપ્ત થતાં કાળક્રમે નિર્મળ પ્રેમનું વહન થતાં આ જીવન મા–મય બની જાય. પૂ. માના શરીર પર પરીધાન થયેલી સફેદ સાડી પૂ. માના સ્વચ્છ જીવનની યાદ આપતાં હતાં.

બાળકોનું અભિનયથી ભરપુર ગીત અને ગરબો તેમ જ ઘણા બધાનાં વ્યક્તવ્ય વાતાવરણમાં પૂ. માના શબ્દોનું પ્રસારણ કરીને દરેકે દરેકના મન–મંદિરમાં પવિત્રતા–પ્રેમ અને શ્રદ્ધા-ભક્તિનું સર્જન થતાં મુખમંડળ પરના ભાવોમાં નિર્મળતા–આનંદ અને નીખાલસતાનાં દર્શન થતાં હતાં.

(ક્રમશઃ)

# * કસોટી *

એકાંત મનુષ્યને વિચારશીલ ને ગહન બનાવે છે એ સાચું પણ કસોટી તો વ્યવહાર જ કરે છે. વ્યવહાર એ એક આગ છે, ને પ્રત્યેક આત્માએ તેમાંથી કંચન થઈને બહાર આવવું જ જોઈએ, એ એક નિર્વિવાદ સત્ય છે. માન ને અપમાનની સમતા, સુખ ને દુઃખ, હર સમયની અવિચલિત નિષ્ઠાવૃત્તિ, કામ–ક્રોધના આવેગને સહન કરવાની શક્તિ, બધુંએ વ્યવહારમાં પ્રાપ્ત થાય છે. ક્ષમા, દયા, સંયમ, બધાની ખરી કસોટી વ્યવહાર કરે છે. પણ હા, જે મનુષ્ય જડ જેવો છે ને સાવધ નથી, જેને જીવનના ચરમ વિકાસની ઈચ્છા નથી, તે તો એ આગમાં ક્યાં જતો રહેશે એ સમજવું મુશ્કેલ છે, ને તેની રાખનો પણ પત્તો લાગવો કઠિન પડશે.

અસાવધ મનુષ્ય હંમેશાં ફસાય છે, સાવધ જીતે છે. જીવનના સંગ્રામમાં પણ જે હરક્ષણે સાવધ છે, શાંતિ પણ તેને જ પ્રાપ્ત થાય છે. શાંતિ એ કાંઈ કોઈ એકનો જ ઈજારો નથી. એકાદ બુદ્ધ, એકાદ ઈશુ ને સોક્રેટીસ એ શું છે? પ્રેમ, દયા, ક્ષમા અને જ્ઞાનની તીવ્ર ઈચ્છા ને સત્યને માટે મરી ફીટવાની ને સત્ય જ આચરવાની ઈચ્છા. જે કોઈ એવું બને તે પણ બુદ્ધ થઈ શકે છે. શાંતિ પ્રાપ્ત કરી શકે છે. અને શાંતિ તો સર્વ કોઈનું લક્ષ્ય, અંતિમ ધ્રુવસ્થાન છે.

યોગેશ્વરજી

# * આત્માને ઓળખો *

ગીતાનો સંદેશ છે કે યોગી બનો. આત્માની આગળ જે અશુદ્ધિનું પડળ છે તેને હરરોજની સાધના કરીને કાઢી નાખો ને સર્વ ઠેકાણે રહેલા ચૈતન્યનો અનુભવ કરો. એ વિના કોઈને શાંતિ પ્રાપ્ત થતી નથી કે કોઈને સુખ મળતું નથી. અત્યારે આપણા જીવનમાં જે પોકળતા, નિર્બળતા ને શિથિલતા લાગે છે તેનું મુખ્ય કારણ આપણું અજ્ઞાન જ છે. જો આપણી રગેરગમાં આપણે આત્મા છીએ એ ધ્વનિ ઊતરી જાય તો આપણામાં નવીન જ બળનો સંચાર થાય.

જો માણસ જાણી લે કે તે અવિનાશી આત્મા છે તો તેને મૃત્યુનો ડર રહે ખરો કે? એક વાર એ સમજી લે કે તે અખંડ આનંદ છે તો શું તે ક્ષણિક એવા આનંદના અંશમાત્રને મેળવવાને ઈન્દ્રિયોના વિષયોમાં પડે? તે કદી પણ સંકટોથી છેતરાય ખરો? દુનિયામાં એવી એક પણ વસ્તુ રહે કે જે તેને ડરાવીને નસાડી શકે? નહિ જ, કેમકે તેના વિના દુનિયામાં છે જ શું? અરે, દુનિયાનો વેશ પણ તેણે જ ધારણ કરેલો છે. તે તો રાજાઓનો પણ રાજા છે તે કોઈનો ગુલામ થશે કે?

દેહના મંદિરમાં અંતરના આસન પર તે તો બેઠો છે, ગમે તેટલો ઊંચે બેઠેલો મોટો બાદશાહનો પણ બાદશાહ હોય તોય તે તેનાથી ડરશે ખરો કે? તે તો સર્વમાં પોતાનો આત્મા જોશે, ને સર્વનાં દુઃખને દૂર કરવાને નીકળી પડશે, અહાહા, તે ખરે જ દીનબંધુ થશે. પછી તેને માયા ક્યાંથી બાંધી શકશે? ખરે જ, આ વસ્તુને આપણે સમજ્યા નથી. ગીતાનો હજારો વર્ષોથી ગવાયેલો આ સંદેશ આપણે સાંભળ્યો નથી. નહિ તો આપણી આ સ્થિતિ હોત? ગમે તેમ, જાગ્યા ત્યાંથી સવાર.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.